
# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 8 * મે 2026 * કિં. ₹ 15




**શ્રી દલપત પઢિયાર સંપાદિત**

**વિશ્વકોશનું નવું પ્રકાશન**

**'સંતકોશ'**




શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ સ્વીકારતા શ્રી પરેશ નાયક અને સર્વશ્રી પ્રીતિ શાહ, ભરત મહેતા, કુમારપાળ દેસાઈ, દીપ્તિ જોશી, મહેશ ચંપકલાલ, યોગેશ જોશી, વિભા નાયક



ઍવૉર્ડનો પ્રતિભાવ આપતા
શ્રી પરેશ નાયક

ચંદ્રવદન મહેતા સવાશતાબ્દી પ્રસંગે મ. સ. વિશ્વવિદ્યાલયની
ફૅકલ્ટી ઑફ પર્ફૉર્મિંગ આર્ટ્સના કલાકારો દ્વારા
'અલકમલકની ચીજ... ચં.ચી.' નાટકની પ્રસ્તુતિ



આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# મધ્યપૂર્વના મહાયુદ્ધ પછી ઈરાનની સ્થિતિ

**પ્રવીણ ક. લહેરી**

વિશ્વના ઈતિહાસમાં અતિ પ્રાચીન સંસ્કૃતિઓનો વારસો ધરાવતા દેશોમાં ઈરાનનું સ્થાન મહત્ત્વનું છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ઈરાનના અત્યારના વિસ્તારને એક કરીને સાયરસ નામના સમ્રાટે સામ્રાજ્ય સ્થાપ્યું હતું. એ પછી અનેક શાસકોએ ઈરાન પર રાજ કર્યું, પરંતુ છેલ્લાં સવાસો વર્ષની વાત કરીએ તો ૧૯૦૫માં બંધારણીય ક્રાંતિ થઈ અને ત્યારબાદ પહેલવી વંશના શહેનશાહોનું શાસન આવ્યું. પહેલવી રાજાઓનું શાસન ૧૯૨૫થી ૧૯૭૯ એમ ૫૪ વર્ષ સુધી ચાલ્યું. આ સમય દરમિયાન ઈરાનમાં આધુનિકતાની લહેર ફરી વળી હતી. સ્ત્રીઓની સમાનતા અને સ્વતંત્રતા, આધુનિક વૈજ્ઞાનિક શિક્ષણ, ભૌતિક વિકાસ અને પ્રાચીન ઈરાન માટેના ગૌરવ જેવી બાબતો અસ્તિત્વમાં આવી. ઈરાનની આધુનિકતા જોતાં તેને પ્રતિષ્ઠિત દેશ તરીકે માન્યતા મળી હતી.

એપ્રિલ, ૧૯૭૯માં એક અણધારી ઘટના બની. વરસોથી દેશનિકાલ ભોગવી રહેલા અને ફ્રાન્સમાં રાજ્યાશ્રય પામેલા આયાતુલ્લા ખામેનેઈના આહ્વાન સાથે ઈરાનના સમ્રાટ રજાશાહ પહેલવી સામે બળવો થયો અને આયાતુલ્લા ખામેનેઈની ધાર્મિક સરમુખત્યારશાહીનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૯૭૯માં ઈરાકે ઈરાન પર હુમલો કરતાં ઈરાન-ઈરાક યુદ્ધ આઠ વર્ષ ચાલ્યું.

આ યુદ્ધનું કોઈ પરિણામ આવ્યું નહીં, પરંતુ એવી માન્યતા છે કે ઈરાન - એ ઈઝરાયલ અને સાઉદી અરેબિયા સાથે દુશ્માનાવટ ધરાવે છે. ઈરાનની ઈસ્લામિક સરમુખત્યારીના કારણે અમેરિકન કંપનીઓએ ઈરાન છોડવું પડ્યું હતું. અમેરિકાએ ધાર્મિક સરમુખત્યારીનો બહિષ્કાર કરી ઈરાન સાથે વેપાર કરવા પર સંખ્યાબંધ પ્રતિબંધો લાદ્યા હતા. આ પ્રતિબંધોને કારણે અને સાઉદી અરેબિયા અને ઈઝરાયલ સાથેની દુશ્મનાવટને કારણે ઈરાન ખૂબ જ નાજુક પરિસ્થિતિમાં મુકાયું હતું. ધાર્મિક સરમુખત્યારી દ્વારા ખામેનેઈએ ધર્મ માટે મરી ફીટવા તૈયાર એવા લાખો અનુયાયીઓની ફોજ ઊભી કરી હતી. ઈસ્લામિક રિવૉલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ જેને IRGC તરીકે ઓળખવામાં આવે છે તેની સ્થાપના કરી હતી. આ ક્રાંતિકારી દળ ઈરાનમાં પોલીસ અને લશ્કર કરતાં પણ વધુ શક્તિશાળી છે અને તમામ મહત્ત્વના નિર્ણયોમાં તેમની ભૂમિકા મહત્ત્વની રહે છે. આ ક્રાંતિકારી દળોના કારણે ઈરાનની સ્થાનિક પ્રજાએ જ્યારે સ્વતંત્રતા રૂંધી નાખતા ફતવાઓ સામે વિરોધ કર્યો, ત્યારે વિરોધીઓને બેરહમીથી કચડી નાખવામાં આ ક્રાંતિકારી દળો અગ્રેસર રહ્યાં છે. અમેરિકા અને ઈઝરાયલની એવી માહિતી હતી કે ઈરાન પરમાણુશક્તિ બનવા માટે આગળ વધી રહ્યું છે તેથી

તેઓ ઈરાનને અણુ કાર્યક્રમો સદંતર બંધ કરવા માટે ધમકી આપતા હતા. લાંબી વાટાઘાટો બાદ ઈ. સ. ૨૦૧૫માં અમેરિકાના તત્કાલીન પ્રમુખ શ્રી બરાક ઓબામાની પહેલથી અમેરિકા અને ઈરાન વચ્ચે અણુ અંગે સંધિ થઈ હતી. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૧૮માં આ સંધિ રદ કરી હતી. આને કારણે ઈરાનનો અણુ કાર્યક્રમ પ્રમાણમાં સારી રીતે આગળ વધ્યો હતો.

૭ ઑક્ટોબર, ૨૦૨૩માં ગાઝાપટ્ટીમાં કાર્યરત હમાસ નામના સંગઠને ઇઝરાયલ ઉપર ખૂબ મોટો હુમલો કરીને સેંકડો લોકોનાં મોત નિપજાવ્યાં હતાં, તેમજ અનેક લોકોને બંદી બનાવ્યા હતા. આના કારણે ઇઝરાયલની અભેદ્ય સંરક્ષણવ્યવસ્થાને ખૂબ મોટો ફટકો પડ્યો હતો. હમાસ એક એવું આતંકી સંગઠન છે કે જેને ઈરાને ઊભું કર્યું હતું, પરંતુ તેનો ઉપયોગ બીજાં આતંકી સંગઠનો સાથે કરી શકાશે તેવી ગણતરી કરીને ઇઝરાયલના હાલના વડાપ્રધાન નેતન્યાહૂ બેન્જામિન દ્વારા હમાસને વર્ષો સુધી દર મહિને લાખો ડૉલરની મદદ કરવામાં આવી હતી. હમાસે પોતાના સૈનિકોને ખૂબ સારી તાલીમ આપી અને ગાઝાપટ્ટીમાં સંરક્ષણ માટે અનેક ભૂગર્ભનિર્માણકાર્યો પણ કરવામાં આવ્યાં હતા. ઑક્ટોબર, ૨૦૨૩ના હમાસના હુમલાથી છંછેડાયેલા ઇઝરાયલે છેલ્લાં દોઢ વર્ષમાં ગાઝાપટ્ટી ઉપર મિસાઇલ્સથી એટલો વિશાળ વ્યાપક મારો કર્યો છે કે આજે તેની ૮૧ % વસ્તી ઘરવિહોણી છે. ૧૩ લાખ પચાસ હજાર લોકોમાંથી ૧૦ લાખથી વધારે લોકો UN અને અન્ય માનવતાવાદી સંગઠનોએ ઊભા કરેલા કામચલાઉ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| મધ્યપૂર્વના મહાયુદ્ધ પછી ઈરાનની સ્થિતિ | ૩ | પ્રવીણ ક. લહેરી |
| મેરે દેશમેં પવન ચલે પૂરવાઈ... | ૬ | ભારતી રાણે |
| પરમાણુ ઊર્જાક્ષેત્રે ભારતનું વિરાટ પગલું | ૯ | ચિંતન ભટ્ટ |
| એન્જૉયગ્રાફી-૩ | ૧૨ | રતિલાલ બોરીસાગર |
| વામસી આંદ્રાને લાખ લાખ ધન્યવાદ | ૧૫ | પ્રીતિ શાહ |
| એ.આઈ.ની મદદથી તૈયાર થશે તબાહી સર્જનારા રાસાયણિક હથિયારો ! | ૧૭ | હર્ષ મેસવાણિયા |
| પત્રકાર ગાંધીજીનો નિર્મિત એકરાર | ૧૯ | હેમલ જાદવ |
| નાટ્યદિગ્દર્શક ભરત દવેનાં કેટલાંક સંસ્મરણો | ૨૪ | અભિજિત વ્યાસ |
| હૉંગકૉંગનું સમુદાયકેન્દ્ર | ૨૮ | હેમંત વાળા |
| ખેડૂતો અને ઍગ્રો ઇન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો | ૩૦ | નાનક ભટ્ટ |
| કોશયાત્રામાં એક નવો કોશ 'સંતકોશ' | ૩૨ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

તંબુઓમાં અસહ્ય યાતનાઓ ભોગવી રહ્યા છે. ઑક્ટોબર, ૨૦૨૩ના હુમલા બાદ ઇઝરાયલે નિશ્ચય કર્યો છે કે ગમે તે ભોગે ગાઝામાંથી આરબ વસ્તીને સ્થળાંતર કરવા માટે ફરજ પાડવી, લેબનનમાં કાર્યરત વિશાળ લશ્કરી સંગઠન હિઝબુલ્લા ઇઝરાયલને મિટાવી દેવાના સંકલ્પ સાથે ખૂબ આક્રમક છે, તેનો ઇઝરાયલે વિનાશ કરવો.

ઇઝરાયલની માન્યતા છે કે તે પોતાની આસપાસના અમુક ચોક્કસ પ્રદેશો જીતી લે તો ગ્રેટર ઇઝરાયલની રચના થઈ શકે અને પોતાની સુરક્ષા વધારે સારી રીતે થઈ શકે. આ સામે ઈરાન અને તેણે ઊભા કરેલા હમાસ, હિઝબુલ્લા અને હોથી નામનાં ત્રણ આતંકી સંગઠનો દૃઢપણે માને છે કે ગમે તેટલા ભોગ આપીને પણ ઇઝરાયલનું અસ્તિત્વ નેસ્તનાબૂદ કરવું જોઈએ. આ સમગ્ર ઘટનાક્રમમાં આશ્ચર્યની વાત એ છે કે ઇઝરાયલની કુલ જમીન પેલેસ્ટાઇનના આરબોના કબજામાં હતી. ત્યાંથી તેમને હટાવીને ૧૯૪૮માં ઇઝરાયલની સ્થાપના કરવા માટે પશ્ચિમી મહાસત્તાઓએ બે કારણો આપ્યાં હતાં.

એક, યહૂદી લોકો પર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મની દ્વારા જે મહાસંહાર કરવામાં આવ્યો છે તે ધ્યાને લેતાં તેને એક યહૂદી રાજ્ય આપવું જરૂરી છે અને બીજું, યહૂદીઓની ઉત્પત્તિ અને હીબરૂ (હિબ્રૂ) ભાષાની શરૂઆત પેલેસ્ટાઇનમાં થયેલી હોવાથી આ પ્રદેશ ઇઝરાયલને મળવો જોઈએ.

આરબ દેશોની સરખામણીમાં ૦.૬૪ જેટલો નાનો વિસ્તાર ધરાવતું ઇઝરાયલ ૧૯૪૦ બાદ ૭૮ વર્ષ દરમિયાન આરબોનાં આક્રમણો અને આતંકી કાર્યવાહી વચ્ચે પણ ટક્યું છે અને શક્તિશાળી બન્યું છે. અમેરિકા જેવી મહાસત્તાનો તેને સંપૂર્ણપણે ટેકો છે. અમેરિકાએ ઇઝરાયલનું અસ્તિત્વ રહેશે જ તેમ કહીને નજીકના આરબ દેશો સાથે ઇઝરાયલને સારા સંબંધો બાંધી આપ્યા છે, કેમ કે દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ઇજિપ્ત, જૉર્ડન અને આરબ દેશોએ ઇઝરાયલને માન્યતા આપી છે.

વિશ્વના ૫૬ ઇસ્લામિક દેશોમાંથી ઈરાન એકમાત્ર શિયા મુસ્લિમોની બહુમતી ધરાવે છે. ઈરાનની ભાષા અરબી નથી કે તેની પ્રજા આરબ પ્રજા તરીકે ઓળખાતી નથી. આમ છતાં ૧૯૭૯થી ખામેનેઇની ધાર્મિક સરમુખત્યારીએ બે કામ કર્યાં. એક બાજુ અમેરિકાના પ્રતિબંધોનો સામનો કરવો અને બીજી બાજુ ઇઝરાયલના અસ્તિત્વને નાબૂદ કરવા માટે શસ્ત્રસરંજામ એકત્ર કરવો. જૂન, ૨૦૨૫માં ઇઝરાયલ અને અમેરિકાએ સંયુક્તપણે ઈરાન ઉપર આક્રમણ કરીને કહેવાતાં અણુમથકોના નાશ માટે ભારે બૉમ્બવર્ષા કરી. આના જવાબમાં ઈરાને મધ્યપૂર્વના દેશોમાં રહેલાં અમેરિકન થાણાંઓ ઉપર મિસાઇલોનો મારો ચલાવ્યો હતો. ઈરાન અને ઇઝરાયલ પાડોશી દેશો નથી તેમની વચ્ચે બીજા દેશો છે, પરંતુ તેમ છતાં ઈરાને ૨૦૨૫માં ઇઝરાયલનાં શહેરો ઉપર એકસાથે ૫૦૦૦ મિસાઇલો છોડીને વ્યાપક નુકસાન કર્યું હતું.

ફેબ્રુઆરી, ૨૦૨૬માં એક બાજુ અમેરિકા અને ઈઝરાયલ અને સામે પક્ષે ઈરાન, હમાસ, હિઝબુલ્લાહ, હોથીનાં સંગઠનો વચ્ચે લગભગ ૩૭ દિવસ મહાયુદ્ધ ખેલાયું. આ મહાયુદ્ધનું મુખ્ય પરિણામ એ આવ્યું કે સૌ કોઈ માનતા હતા તેમ ઈરાન પરાજિત

**(અનુસંધાન ૮મા પાને)**

પ્રવાસ

# મેરે દેશમેં પવન ચલે પૂરવાઈ...

**ભારતી રાણે**

ગોરંભાયેલું આભ આમંત્રણ આપી રહ્યું હતું. વરસાદને હૃદયપૂર્વક મળવું હોય તો વનમાં કે શહેરથી દૂર વસેલાં ગામડાં અને ખેતરોમાં જવું પડે. સમય મળે કે ચોમાસું મનભર માણવા દૂર ક્યાંક નીકળી જવું, આ તો થયો દર વરસનો શિરસ્તો. તે દિવસે પણ આમ જ નીકળી પડેલાં ત્યારે કલ્પનામાત્ર પણ નહોતી કે, આ વખતે વરસાદ કોઈ મહામૂલા જીવન-અનુભવથી મનને તરબતર કરી દેશે!

બપોરનો સમય હતો. ઝીણું ઝરમરતા મેહની સંગાથે દોડતી ગાડીમાં મન તો જાણે ઊડી ઊડી રહ્યું હતું. વાંસદા વટાવી અમે અજમલગઢને ઉંબરે પહોંચ્યાં. ડુંગર પર જવાનો રસ્તો કાદવિયો અને લપસણો હતો. ખીણમાં વસેલા ઘોડમાળ ગામમાં થોડો સમય ફરીને અમે પાછી હાઈ-વેની વાટ પકડી, એવામાં કેલિયા ડૅમ યાદ આવ્યો. ગયા વરસે ડૅમની પાળી પર જળલહરીની જેમ લહેરાતા ઘાસનું સ્મરણ થઈ આવ્યું, ને છલોછલ ભરેલા ડૅમનાં પાણી ઊભરાઈને ઢોળાવવાળી દીવાલ પર વેગે વહી જતાં જોયેલાં તે યાદ આવી ગયું. ગાડી અનાયાસ કેલિયા તરફ વળી. ડૅમ પર પહોંચતાં પહેલાં કેલિયા ગામ પસાર કરવું પડે. ત્યાર બાદ ખરેડી નદી ઉપર બાંધેલો બંધ નજરે પડે. ઓગણીસ ગામને સીંચતો આ બંધ નાનો પણ નમણો છે. હરિયાળાં વૃક્ષોથી વીંટળાયેલ આ જળાશય એને ઘેરતા નાના નાના ડુંગરાના પરિપ્રેક્ષ્યમાં આકાશનો આયનો હોય તેવું લાગે.

અમે કેલિયા ગામની સીમમાં પ્રવેશ્યાં, ત્યારે ગામમાં ભારે હલચલ નજરે પડી. લોકો નવાં રંગબેરંગી વસ્ત્રોમાં મહાલતા રસ્તા પર ચાલ્યા જતા દેખાયા. જાણે આખુંય ગામ રસ્તા પર ઊમટી આવ્યું હતું. એક તરફ આદિવાસીઓ પૂરા બળ સાથે ડોબરું તથા ઢોલક વગાડતા હતા. ચારેકોર ઉત્સવનું વાતાવરણ હતું. મનમાં થયું. નક્કી આજે કોઈ જાતરાનો દિવસ હોવો જોઈએ. જરાક ગાડી ઊભી રાખીને એક બુઝુર્ગને અમે પૂછ્યું :

'આ ભીડ શાની છે કાકા ?'

'મિલિટરી આવતી છે.' આંખોમાં ચમક સાથે એ વૃદ્ધે કહ્યું.

અમને થયું કોઈ મિનિસ્ટર આવવાના હશે, જેને આ કાકા મિલિટરી કહેતા હશે! પણ કાકાના બીજા જ વાક્યે અમારો ભ્રમ ભાંગી નાખ્યો.

'પંજાબમાં ડ્યૂટી હતી એની - આજે ઘરે પાછો આવતો છે.'

વિસ્મયસભર આનંદ મનમાં છવાઈ ગયો. કેવી ઉમદા વાત હતી કે, આટલા નાના ગામડામાં આખાય ગામનું લોક એક સૈનિકનું સ્વાગત કરવા એકઠું થયું હતું !

જવાનના આગમનને હજી જરાક વાર હતી. અમે ડૅમ તરફ ગાડી હાંકી. ડૅમ જોઈને નીચે ઊતર્યાં, ત્યાં જ ફટાકડા ફૂટવાનો અવાજ આવ્યો અને ગીત સંભળાવા લાગ્યું..

'સંદેશે આતે હૈ, હમે તડપાતે હૈ, કિ ઘર કબ આઓગે..' મંદિરની આસપાસ તો જાણે મેળો જામ્યો હતો. સૈનિક ગામમાં પહોંચીને સૌપ્રથમ દર્શન કરવા મંદિરમાં પ્રવેશ્યા હતા. મંદિરના પ્રવેશદ્વાર પર ગામના વડીલો રાહ જોતા હતા. સ્ત્રીઓ રસ્તાની કોરે ઊભી રહી ગઈ હતી. બાલિકાઓ આસોપાલવના પાનથી શણગારેલ કળશ માથે લઈને સ્વાગત કરવા ઊભી હતી. એક નાનકડી ખટારીમાં સ્પીકર પરથી દેશભક્તિનાં ગીતો પ્રસારિત થઈ રહ્યાં હતાં.

મુખ્યત્વે કુંકણા આદિવાસીઓની વસ્તીવાળા આ અંતરિયાળ ગામમાં લોકોની દેશભક્તિ તથા એક સૈનિક તરફનો તેમનો આદરભાવ જોઈને આંખો છલકાઈ આવી. આવા વિરલ પ્રસંગમાં સહભાગી બનવા મળ્યું, એ વાત પર હૃદય આર્દ્ર ભાવોથી તરબતર થઈ ગયું. અમે ટોળાં સાથે ઊભાં રહી ગયાં. લોકોએ સ્વાગતભર્યા આત્મીયભાવથી અમને પોતાના સમુદાયમાં ભેળવી દીધાં. ત્યાં ઊભાં ઊભાં જ ખબર પડી કે, બી.એસ.એફ.માં ફરજ બજાવ્યા પછી વિનેશભાઈ કાળુભાઈ નામના આ સૈનિક આજે રિટાયર થઈને ગામ પરત ફર્યા હતા. જીવ હથેળીમાં લઈને સરહદ પર ફરજ બજાવતી કોઈ વ્યક્તિ હંમેશ માટે સુખરૂપ પાછી ફરે, ત્યારે એ ઘટના એની પત્ની અને કુટુંબ માટે કેટલી લાંબી તપસ્યાની ફલશ્રુતિ સમાન બની રહેતી હશે ! જીવ સટોસટની બાજી લગાવીને ફરજ બજાવ્યા પછી હેમખેમ ઘરે પાછાં ફરવું, સૈનિક માટે કેટલા મોટા પરિતોષની વાત હશે ! તે કેલિયા ગામના મંદિરની બહાર ઊભાં ઊભાં સમજાયું. મુખ્યત્વે અભણ લોકોની વસ્તી ધરાવતા સાવ બિંદુવત્ ગામડાના લોકોની સંવેદનશીલતા તરફ મસ્તક ઝૂકી ગયું.

સૈનિકના ગણવેશમાં સજ્જ વિનેશભાઈએ યુનિફૉર્મનો પટ્ટો તથા ટોપી ઉતારીને ઈશ્વરદર્શન કર્યાં. મંદિરમાંથી બહાર આવતાં જ માથે તિલક કરી લોકોએ તેમનું સ્વાગત કર્યું. આદિવાસી વાદ્યોનો અવાજ વધારે તીણો બન્યો. કન્યકાઓએ કળશ સંભાળ્યા ને આખોય રસાલો સરઘસાકારે શાળાના મકાન તરફ આગળ ચાલ્યો. અમે એ અજ્ઞાત જવાનને ભાવપૂર્વક વંદન કર્યાં. સાવ અજાણ્યા એવા અમારા ચહેરા જોઈ સૈનિકની નજરમાં વિસ્મય વંચાયું. કશુંય કહેવા-સાંભળવાનો એ સમય નહોતો. આમ તો કોઈ ઓળખાણ નહોતી, પણ એક ઋણાનુબંધ તો હતો જ. કરોડો દેશવાસીઓના પ્રતિનિધિ તરીકે આપણી સુરક્ષા માટે જીવ ન્યોછાવર કરતા લાખો સૈનિકોના એક પ્રતિનિધિ તરફ આભારની લાગણી વ્યક્ત કરવાનો એ સમય હતો. અમે ભાવપૂર્વક અજ્ઞાત શહીદોને અને વણદીઠા સૈનિકોને યાદ કર્યા.

થોડી વારમાં આખો કાફલો શાળામાં પહોંચી ગયો. પહેલાં સભા હતી, પછી આખું ગામ ત્યાં જ જમવાનું હતું. માઈક પરથી પ્રસારિત થતો અવાજ રસ્તા પર સંભળાઈ રહ્યો હતો. પહેલાં ગીત વાગ્યું : મેરે દેશમેં પવન ચલે પૂરવાઈ. પછી કોઈ બોલી રહ્યું હતું.

'આપણે જ્યારે આરામથી સૂતાં હોઈએ છીએ, ત્યારે એ લોકો આપણું રક્ષણ કરવા સરહદ પર જાગતા રહે છે. આપણે પોતાને પૂછવું જોઈએ કે, આપણે આપણા દેશ માટે શું કરીએ છીએ ?'

ગામડામાં વસતી આદિવાસી વ્યક્તિના આ સાદાસીધા શબ્દો તીર બનીને મનની આરપાર નીકળી જાય છે. થાય છે કે તહેવારો આવતા રહેશે, પણ સરહદ પરના અનેક જવાનો ઘરે નહીં જઈ શકે. સરહદી ગામોની બહેનો તેમને રાખડી બાંધશે. વાર-તહેવાર, કુટુંબ, સલામતી, બધુંય ભૂલીને સરહદ પર ચોકી કરતા જવાનો નાનાંમોટાં છમકલાંમાં વીરગતિને પામતા રહેશે અને આપણે મગ્ન રહીશું આપણી ખુશીઓમાં અને તહેવારોની ઉજવણીમાં.. કેલિયા ગામના આદિવાસીએ સહજ પૂછેલો પ્રશ્ન - 'શું કરીએ છીએ આપણે આપણા દેશ માટે?' - શું આપણેય એક વાર પૂછીશું પોતાની જાતને?

---

**(૫મા પાનાનું ચાલુ)**

થઈ જશે, પરંતુ મહાયુદ્ધ માટે તેમની વ્યૂહરચના અને તૈયારી ખૂબ અસરકારક હતાં. અમેરિકા વિશ્વની મહાસત્તા છે, પરંતુ ઈરાન સાથેના યુદ્ધમાં ઈરાને સામે પક્ષે મધ્યપૂર્વનાં થાણાંઓ અને અમેરિકાનાં હિતોને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે. અમેરિકા અને ઇઝરાયલે યુદ્ધબંધી કરી હાલ ઈરાન સાથેનું યુદ્ધ તો અટક્યું છે. એપ્રિલની શરૂઆતમાં ઈરાન અને અમેરિકાએ પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં રૂબરૂ મળીને મંત્રણા કરી, પરંતુ તે હાલ પૂરતી નિષ્ફળ ગઈ છે અને ફરી નવી મંત્રણા શરૂ થાય તેવી આશા છે. યુદ્ધ દરમિયાન ઈરાને હોર્મુઝની ખાડીને આંતરીને વિશ્વનો ૪૦ % ઑઇલનો વેપાર સ્થગિત કર્યો હતો. હોર્મુઝની ખાડીને બળજબરીથી ખુલ્લી કરવા માટે અમેરિકા નૌસેનાને આગળ કરે છે, પરંતુ તે કાર્યો અમેરિકા માટે પણ ખૂબ જોખમી બની રહ્યાં. ઈરાનની માંગણી છે કે અમેરિકાએ તેની જપ્ત કરેલી મિલકતો પરત આપવી જોઈએ, જેની કિંમત એક લાખ અબજ ડૉલર જેટલી છે. ઈરાનની બીજી માગણી છે કે અમેરિકાએ તેના પરમાણુ કાર્યક્રમને કોઈ રીતે અવરોધવો ન જોઈએ. ઈરાન હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો પાસેથી ખૂબ મોટી રકમ રૉયલ્ટી તરીકે વસૂલવા માંગે છે, પરંતુ ઈરાનની આ કામગીરી આંતરરાષ્ટ્રીય કાયદા અને નિયમોની વિરુદ્ધની છે.

ભવિષ્યમાં ઈરાન અને અમેરિકા વચ્ચે જે વાતચીત થાય અને તેનું શું પરિણામ આવે તે નક્કી કરવું સહેલું નથી. ઇઝરાયલે ઈરાન સામેની યુદ્ધબંધીમાં પણ વિરોધ વ્યક્ત કરીને લેબનન ઉપર હિઝબુલ્લા સંગઠનને વ્યાપક નુકસાન થાય તે રીતે બૉમ્બ-વર્ષા ચાલુ રાખી છે. ઈરાનના ક્રૂડ ઑઇલના ભંડાર ઉપર કબજો કરવાની ધમકી અમેરિકાના પ્રમુખ દર બીજા દિવસે આપે છે, પરંતુ ઈરાનનું ક્રૂડ ઑઇલ પ્રાપ્ત કરવામાં અમેરિકાએ ચીન જેવા સશક્ત રાષ્ટ્રનો સામનો કરવો પડે તેમ છે. આજે ઈરાન ચીનને તેની ઊર્જાની જરૂરિયાત ખૂબ મોટા પાયે પૂરી પાડે છે. આમાંથી થતી આવક દ્વારા ચીન અને રશિયા દ્વારા ઈરાનની લશ્કરી તાકાત ખાસ કરીને મિસાઇલોની વિવિધતા અને સંખ્યા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. મધ્યપૂર્વના મહાયુદ્ધ પછી ઈરાનને વિજેતા ન ગણીએ તોપણ સમગ્ર કાર્યવાહીમાં આજે તેનો હાથ ઉપર છે. અમેરિકાને એ સમજાયું છે કે ઈરાન સાથેનું યુદ્ધ લાંબો સમય ચાલે તેમાં તેને પણ કોઈ લાભ વિના લાખો ડૉલરનું નુકસાન વેઠવું પડે તેમ છે.

વિજ્ઞાન

# પરમાણુ ઊર્જાક્ષેત્રે ભારતનું વિરાટ પગલું

**ચિંતન ભટ્ટ**

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાનના યુદ્ધને પગલે દુનિયાભરમાં ક્રૂડ ઑઇલની કટોકટી સર્જાઈ છે. ઊર્જા માટે આપણો મોટો મદાર ક્રૂડ ઑઇલ પર છે. આપણી જરૂરિયાતનું ૯૦ ટકા ક્રૂડ ઑઇલ આપણે વિવિધ દેશોમાંથી આયાત કરીએ છીએ. આમ ક્રૂડ ઑઇલની કટોકટી આપણા દરેક ક્ષેત્રને દઝાડે છે. ઊર્જાક્ષેત્રે સ્વાવલંબી બનવાના આપણા પ્રયત્નો ટૂંકા પડે છે. વળી, ક્રૂડ ઑઇલ અને કોલસાનો ભંડાર તો નજીકના ભવિષ્યમાં જ તળિયે પહોંચી જશે તેવો ભય સેવાઈ રહ્યો છે. આ સમસ્યાના ઉકેલ રૂપે સૂર્યમાંથી આવતી ઊર્જાનો ઉપયોગ કરવા અથવા સૂર્યમાં ઉત્પન્ન થાય છે તે રીતે ઊર્જા ઉત્પન્ન કરવા તરફ વિશ્વના વિજ્ઞાનીઓએ પ્રયત્નો શરૂ કર્યા. સૌર ઊર્જાનો ઉપયોગ પણ મર્યાદિત માત્રામાં જ થઈ શકે છે. આ સંજોગોમાં સૂર્ય જે રીતે ઊર્જા ઉત્પન્ન કરે છે - કંઈક એવી રીતે ઊર્જા ઉત્પન્ન કરવાના પ્રયત્નો શરૂ થયા. અલબત્ત, સૂર્યમાં ઉત્પન્ન થતી ઊર્જાની પદ્ધતિ અને માનવી દ્વારા ઊર્જા મેળવવાની પદ્ધતિમાં મૂળભૂત તફાવત છે, પણ આ બંને ‘પરમાણુ ઊર્જા’ જ કહેવાય છે. પરમાણુ ઊર્જાની વાત આવે ત્યારે ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમના પિતામહ ડૉ. હોમી ભાભાએ (૧૯૦૯-૧૯૬૬) આજથી ૭૨ વર્ષ પહેલાં ૧૯૫૪માં લોકસભામાં રજૂ કરેલી યોજના યાદ આવી જાય છે.

આઝાદીને હજુ દશકોય નહોતો થયો ત્યારે આપણી પાસે પરમાણુ ભઠ્ઠી (reactor) તો ક્યાંથી હોય! પરમાણુ ઊર્જા માટે જરૂરી યુરેનિયમ પણ ન હતું. અલબત્ત, દેશના દક્ષિણ-પશ્ચિમ કિનારે થોરિયમનો વિપુલ જથ્થો ભંડારેલો છે, પણ પરમાણુ ઊર્જા મેળવવા માટે તે સીધેસીધો ઉપયોગમાં લઈ શકાય નહીં. જે સમયે દેશમાં કોલસાનું પણ ‘રૅશન’ હતું ત્યારે પરમાણુ ઊર્જા માટે અન્ય દેશો પાસેથી યુરેનિયમ ખરીદવાનો વિચાર પણ ન કરી શકાય. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં ડૉ. ભાભાએ ભારતમાં પરમાણુ ઊર્જાના ત્રણ તબક્કાનો કાર્યક્રમ પૂરા આત્મવિશ્વાસથી રજૂ કર્યો જે તત્સમયના નેતાઓને ગળે ઊતરી ગયો. તે સમયની આર્ષદ્રષ્ટા સરકારના પીઠબળથી ભારતનો પરમાણુ ઊર્જા કાર્યક્રમ શરૂ થયો અને કેટલીક અડચણોને લીધે તેની ગતિ થોડીક ધીમી પણ પડી. ચાલો, ડૉ. ભાભાના ત્રણ તબક્કાના પરમાણુ ઊર્જા કાર્યક્રમનું વિહંગાવલોકન કરીએ તે પહેલાં પરમાણુ બંધારણ વિશે જાણી લઈએ.

દુનિયાની દરેક વસ્તુ અતિશય નાના કણોની બનેલી છે જેને આપણે પરમાણુ (atom) કહીએ છીએ. પરમાણુનું બંધારણ સમજવા માટે તેને એક સૂક્ષ્માતિસૂક્ષ્મ સૌરમંડળ જેવું ધારી લઈએ. પરમાણુના મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે. પરમાણુની બરાબર વચ્ચે એક નાનું અને વજનદાર ($1.66 \times 10^{-27}$ Kg) કેન્દ્ર હોય છે જેને કેન્દ્ર કે નાભિ કે Nucleus



**FBR - કલ્પક્કમ - તમિલનાડુ**

કહેવામાં આવે છે. આ કેન્દ્રમાં ધન વીજભારિત પ્રોટોન અને તટસ્થ ન્યૂટ્રૉન કણો હોય છે. કેન્દ્રને આપણે સૂર્ય સાથે સરખાવી શકીએ. જેમ ગ્રહો સૂર્યની પરિક્રમા કરે છે તેમ ઋણ વીજભારિત ઈલેક્ટ્રૉન ચોક્કસ માર્ગ પર કેન્દ્રની સતત પ્રદક્ષિણા કરતા રહે છે. ઈલેક્ટ્રૉન પ્રમાણમાં ખૂબ જ હળવા કણો છે. ઈલેક્ટ્રૉન જે માર્ગ પર પરિક્રમા કરે તે તેની કક્ષા છે. કેન્દ્રથી નજીકની કક્ષામાં ઓછા અને દૂરની કક્ષામાં વધારે ઈલેક્ટ્રૉન સમાઈ શકે છે. દરેક તત્ત્વ માટે પ્રોટોન, ન્યૂટ્રૉન અને ઈલેક્ટ્રૉનની સંખ્યા નિયત હોય છે. હા, સામાન્ય રીતે પરમાણુમાં પ્રોટોન અને ઈલેક્ટ્રૉનની સંખ્યા એકસરખી હોય છે જેથી આખો પરમાણુ વીજભાર દૃષ્ટિએ તટસ્થ રહે છે. પરમાણુના કેન્દ્રના કણો એકબીજા સાથે પ્રચંડ શક્તિથી જોડાયેલા હોય છે. તેનું જ્યારે વિભાજન થાય ત્યારે પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે.

પરમાણુ ઊર્જા બે રીતે મેળવી શકાય છે - ૧) પરમાણુ વિભાજન (Nuclear Fission) અને ૨) પરમાણુ સંલયન (Nuclear Fusion). હાલમાં દુનિયાભરમાં વીજળી ઉત્પન્ન કરવા માટે પરમાણુ વિભાજન પ્રક્રિયાનો જ ઉપયોગ થાય છે. આ પ્રક્રિયામાં યુરેનિયમ-૨૩૫ (અહીં ૨૩૫ આંકડો કેન્દ્રમાં પ્રોટોન (૯૨) અને ન્યૂટ્રૉનનો (૧૪૩) સરવાળો દર્શાવે છે - ટૂંકમાં તે પરમાણુના દળનો અંક છે) જેવા એક ભારે પરમાણુના કેન્દ્ર પર ન્યૂટ્રૉનનો મારો ચલાવવામાં આવે છે. આ અથડામણની પ્રક્રિયાથી યુરેનિયમનું કેન્દ્ર બે ભાગમાં વિભાજિત થાય છે. આ વિભાજન દરમિયાન પ્રચંડ માત્રામાં ગરમી (ઉષ્મા ઊર્જા) મુક્ત થાય છે. વિભાજન દરમિયાન બીજા નવા ન્યૂટ્રૉન પણ છૂટા પડે છે જે અન્ય યુરેનિયમ પરમાણુને તોડે છે. આ રીતે એક સતત ચાલતી પ્રક્રિયા (Chain Reaction) શરૂ થાય છે. પ્રક્રિયાથી ઉત્પન્ન થતી પ્રચંડ ગરમીને વીજળી જેવું અન્ય ઊર્જારૂપ આપીને સરળતાથી ઉપયોગમાં લઈ શકાય છે. પરમાણુ ઊર્જા મેળવવા માટે બળતણ તરીકે યુરેનિયમ, ન્યૂટ્રૉનની ગતિ ધીમી પાડવા માટે ભારે પાણી અથવા ગ્રૅફાઈટ અને પ્રક્રિયાને નિયંત્રણમાં રાખવા માટે કેડમિયમ અથવા

બોરોનના સળિયાની જરૂર પડે છે. આ છે ડૉ. ભાભાએ સૂચવેલી પરમાણુ ઊર્જા ઉત્પન્ન કરવાનો પહેલો તબક્કો. આપણા માટે આનંદની વાત છે કે તાપી જિલ્લામાં આવેલું કાકરાપાર ઍટૉમિક પાવર સ્ટેશન ભારતનું એક મહત્ત્વનું પરમાણુ ઊર્જામથક છે, જે સ્વચ્છ ઊર્જા પૂરી પાડે છે. પહેલા તબક્કાને અંતે ઉપપેદાશ તરીકે પ્લુટોનિયમ મળે છે. આ પ્રક્રિયા માટે જરૂરી યુરેનિયમ આયાત કરવું પડે છે.

ભારતના ત્રણ તબક્કાના પરમાણુ ઊર્જાના કાર્યક્રમના બીજા તબક્કાનો મહત્ત્વનો ભાગ છે Fast Breeder Reactor (FBR). સામાન્ય અણુભઠ્ઠી (reactor) જેટલું બળતણ વાપરે તેનાં કરતાં ઓછું બળતણ (ઉપપેદાશ) પેદા કરે છે. FBR જેટલું બળતણ વાપરે છે તેનાં કરતાં તે વધુ નવું બળતણ પેદા કરે છે જે તેની ખાસિયત છે. આ કારણે જ તેને Breeder (પેદા કરનાર) કહેવામાં આવે છે. સામાન્ય અણુભઠ્ઠીમાં ન્યૂટ્રૉનને ધીમા પાડવા માટે પાણીનો ઉપયોગ થાય છે, પરંતુ FBRમાં ન્યૂટ્રૉનને ઝડપી જ રાખવામાં આવે છે. ન્યૂટ્રૉનની ઝડપ અને વધુ ગરમીને નાથવા માટે પાણીને બદલે પ્રવાહી સોડિયમનો ઉપયોગ થાય છે. આ પ્રકારની અણુભઠ્ઠીમાં મુખ્ય બળતણ તરીકે પ્લુટોનિયમ-૨૩૯નો ઉપયોગ થાય છે. પ્લુટોનિયમને યુરેનિયમનું આવરણ હોય છે. ન્યૂટ્રૉન જ્યારે યુરેનિયમને અથડાય ત્યારે ફરીથી પ્લુટોનિયમ ઉત્પન્ન કરે છે. આમ, નવું બળતણ બનતું રહે છે. વાહ ભાઈ, આ તો એવી વાત થઈ કે બૅટરીથી ચાલતું વાહન (સ્કૂટર કે કાર) ચાલવા માટે જેટલી વીજળી વાપરે તેનાથી વધુ વીજળી પેદા કરીને બૅટરી ચાર્જ કરતું રહે! આ પદ્ધતિને કારણે પરમાણુ કચરો પણ ઓછો થાય છે. બીજા તબક્કાના અંતમાં ભઠ્ઠીમાં થોરિયમ રાખવામાં આવે છે જે ન્યૂટ્રૉન શોષીને યુરેનિયમ-૨૩૩માં ફેરવાય છે. અત્યારે વિશ્વમાં આ ટૅક્નૉલૉજી ફક્ત ભારત અને રશિયા પાસે છે. આ ત્રીજા તબક્કા માટેનો પાયો છે.

ફરી વાર યાદ કરી લઈએ કે ભારત પાસે યુરેનિયમ નથી, પણ થોરિયમનો ૪૦૦ - ૫૦૦ વર્ષ ચાલે તેટલો વિપુલ જથ્થો છે. FBR ટૅક્નૉલૉજીમાં થોરિયમનો ઉપયોગ કરીને હજારો વર્ષો સુધી ઊર્જા પ્રાપ્ત કરી શકવાની સંભાવના છે. ભારતના કર્મઠ વિજ્ઞાનીઓએ તમિલનાડુના કલ્પક્કમ ખાતે FBR વિકસાવ્યું છે. જેને ૬ એપ્રિલ, ૨૦૨૬ના દિવસે અનુમોદન આપવામાં આવ્યું. પરમાણુ ઊર્જાક્ષેત્રે સ્વાવલંબી બનવાની દિશામાં ભારતનું આ મોટું પગલું છે.

ભારતના અણુ ઊર્જા કાર્યક્રમનો ત્રીજો તબક્કો યુરેનિયમ-૨૩૩ અને થોરિયમ બળતણ આધારિત છે. અંતિમ લક્ષ્ય છે વિશાળ થોરિયમ ભંડારનો ઉપયોગ કરીને સેંકડો વર્ષો સુધી પ્રદૂષણમુક્ત સસ્તી વીજળી મેળવવાનું. એક વાર ત્રીજો તબક્કો પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થઈ જાય પછી ભારતની ઊર્જા સમસ્યાનો કાયમી ઉકેલ આવી જશે. આપણે મોંઘા યુરેનિયમની આયાત પર નિર્ભર રહેવું નહીં પડે. પ્રદૂષણમુક્ત વીજ-ઉત્પાદનને કારણે ગ્લોબલ વૉર્મિંગ સામે લડવામાં મદદ મળશે. જનતાનો સહકાર અને સરકારનું પીઠબળ જો સકારાત્મક હશે તો ત્રણેક દાયકામાં અંતિમ ધ્યેય હાંસલ થઈ જશે તેમ લાગે છે. અલબત્ત, પરમાણુ ઊર્જાનાં કેટલાંક ભયસ્થાનો પણ છે, તેનો તોડ કાઢવાનું સામર્થ્ય પણ આપણા ઇજનેરો અને વિજ્ઞાનીઓમાં છે જ.

હાસ્ય

# એન્જૉયગ્રાફી–૩

રતિલાલ બોરીસાગર

પંદર દિવસના આરામકાળ દરમિયાન મને એક-બે વાર છાતીમાં દુખ્યું. મારી અર્ધી સદીની ઉંમરમાં પ્રભુ પહેલી વાર મારી ફેવરમાં છે એમ મને લાગ્યું. પંદર દિવસની દવા પૂરી થતાં હું ડૉક્ટરને મળ્યો. ડૉક્ટરે ફરી મારો કાર્ડિયોગ્રામ લીધો. એમણે કહ્યું, 'કાર્ડિયોગ્રામમાં તો કશી તકલીફ દેખાતી નથી.'

'તો મને દુખાવો કેમ થાય છે ?'

'એ જ તો પ્રશ્ન છે.' ડૉક્ટર થોડા મૂંઝાયા હોય એમ લાગ્યું. 'એમ કરો આ નવી ટીકડી લખી દઉં છું તે છાતીમાં દુખે ત્યારે જીભ નીચે મૂકવાની. હમણાં એમ કરો - અઠવાડિયું ઑફિસ જાઓ ને અઠવાડિયું આરામ કરો. ક્યારે ક્યારે કેવી કેવી પરિસ્થિતિમાં દુખે છે એની નોંધ કરો ને પંદર દિવસ પછી ફરી મળો.'

ડૉક્ટરે સામેથી આરામ કરવા કહ્યું એટલે મને જરા સારું લાગ્યું. આમ છતાં, આરામ કરવાનું કહેવામાં ડૉક્ટર શા માટે આટલી બધી કંજૂસાઈ કરે છે એ મને સમજાયું નહિ.

*

કૃષ્ણપક્ષ (ઑફિસ જવાના દિવસો) અને શુક્લપક્ષ(ઑફિસ નહિ જવાના આરામના દિવસો)ના દિવસો દરમિયાન કૃષ્ણપક્ષના એક દિવસે એક મિત્ર ઑફિસ આવ્યા.

'હમણાં ક્યાં ગયો હતો ?' એમણે પૂછ્યું.

'યુરિનલમાં ગયો હતો.'

'હેં ?' મારા પ્રત્યુત્તરથી મિત્રવર્ય થોડા ગૂંચવાયા. 'હમણાં એટલે પાંચ-દસ મિનિટ પહેલાંની વાત નથી કરતો. ગયા અઠવાડિયે ક્યાં હતો એમ પૂછું છું. મેં બે-ત્રણ વાર ફોન કર્યો હતો.'

'માંદગીની રજા પર હતો.' 'માંદગીની રજા' એ શબ્દો હું ખાસ ભાવથી અને ભારથી બોલ્યો, પણ મિત્રના હૃદય સુધી મારો ભાવ પહોંચ્યો નહિ. એણે પૂછ્યું, 'કોનાં લગ્ન માટે સીક-લીવ લેવી પડી હતી ?'

'ખરેખર માંદો હતો - માંદો છું.'

'શું થયું છે ?'

'હૃદયને લોહી બરાબર પહોંચતું નથી એમ ડૉક્ટર કહે છે.'

'તારા મગજને લોહી બરાબર પહોંચતું નથી એ તો અમે સૌ જાણીએ છીએ. જેમાં મગજ ચલાવવું પડે એવા દરેક કામમાં તને પહેલેથી મુશ્કેલી પડે છે એની મને ખબર છે, પણ હૃદયને લોહી બરાબર પહોંચતું નથી એ સાંભળી મને નવાઈ લાગે છે.'

જિંદગીમાં પહેલી વાર હું માંદો પડ્યો તોય કોઈને મારા તરફ સહાનુભૂતિ થતી નથી એ જાણી મને લાગ્યું કે જગત ઘણું અનુદાર છે. જગતની સહાનુભૂતિ મેળવવા

માટે માંદા પડવાનું નહિ, માંદા લાગવાનું અનિવાર્ય છે. મેં પ્રભુને પ્રાર્થના કરી : 'હે ભગવાન ! તમે માંદગી આપી જ છે તો હાફ હાર્ટેડલી શા માટે આપી ? જગત ઊંચું-નીચું થઈ જાય એવી માંદગી આપો ! પ્રભુ ! તમે તો સર્વસમર્થ છો !'

*

પ્રભુએ મારી પ્રાર્થના ખરેખર સાંભળી. પંદર દિવસમાં બે વાર છાતીમાં દુખવા આવ્યું - આરામના સમયમાં પણ દુખ્યું અને ઑફિસે જવાના દિવસો દરમિયાન પણ દુખ્યું. હું ડૉક્ટરને મળ્યો. મારો રિપોર્ટ સાંભળી ડૉક્ટરને મૂંઝાતા જોઈ હું થોડો રાજી થયો.

'તમે પરિશ્રમ કરો છો ત્યારે જ દુખે છે કે આરામ કરતા હો ત્યારે પણ દુઃખે છે ?'

'પરિશ્રમ તો હું ખાસ કરતો જ નથી.'

'આ સારું ચિહ્ન ન ગણાય.'

'પરિશ્રમ નથી કરતો એ ?'

'ના, આરામ કરતા હો ત્યારેય દુખે એ ગંભીર બાબત ગણાય.'

આખરે કશુંક 'ગંભીર' આવ્યું ખરું એ ખ્યાલે હું થોડો હળવો થયો.

ડૉક્ટરે કહ્યું, 'આપણે આ માટે કેટલાક ટેસ્ટ કરાવી લઈએ.' ડૉક્ટરે 'આપણે' કહ્યું એટલે વળી હું થોડો મૂંઝાયો. મને છાતીમાં દુખે છે એ માટે ડૉક્ટરે પણ શા માટે ટેસ્ટ કરાવવા જોઈએ એ મારી સમજમાં આવ્યું નહિ, પણ હું કશું બોલ્યો નહિ. મને મૂંઝાયેલો જોઈ ડૉક્ટરે કહ્યું, 'ચિંતાનું કશું કારણ નથી. આપણે કેટલાક જરૂરી ટેસ્ટ કરાવી લઈએ. એક 'એકો કાર્ડિયોગ્રાફી' નામનો ટેસ્ટ છે. આનાથી તમારું હૃદય કેવું છે એનો ખ્યાલ આવી શકશે.' મારું હૃદય નિતાંત ચોખ્ખું છે એવાં અનેક પ્રમાણપત્રો હું લાવી શકું તેમ હતો. ડૉક્ટર પોતે પણ હવે મને એક સજ્જન તરીકે પિછાણતા થયા હતા. છતાં મારું હૃદય કેવું છે એ યંત્રની સહાયથી તેઓ શા માટે જાણવા માગતા હશે એ મને સમજાયું નહિ. ડૉક્ટરે આગળ કહ્યું, 'એક બીજો ટેસ્ટ 'સ્ટ્રેસ ટેસ્ટ' કહેવાય છે. તમારું હૃદય કેટલો પરિશ્રમ ખમી શકે એમ છે એનો આ ટેસ્ટથી ખ્યાલ આવી શકશે.' મારું હૃદય તો પરિશ્રમનો વિચાર પણ ખમી શકે એમ નથી એ હું કોઈ પણ જાતના મશીનની મદદ વગર કેવળ આંતરપ્રતીતિથી કહી શકું એમ હતો. છતાં ડૉક્ટરના કામમાં દખલગીરી ન કરવાના શુભાશયથી હું કંઈ બોલ્યો નહિ.

મારા પર જીવનભર પ્રેમ રાખનાર એક સ્વર્ગસ્થ સ્વજનના પુત્ર કાર્ડિયોલૉજિસ્ટ છે. મને છાતીમાં દુખવા આવ્યું તે સમયગાળામાં એ બહારગામ ગયા હતા. એ આવી ગયાના સમાચાર મળતાં હું એમને મળ્યો, ને મારું હૃદય એમને સમર્પિત કરવાની ઇચ્છા પ્રગટ કરી. એમણે હૃદયપૂર્વક મારો કેસ હાથમાં લીધો અને ટેસ્ટની તારીખો નક્કી કરી.

મારો 'એકો કાર્ડિયોગ્રામ' એકંદરે નૉર્મલ આવ્યો. હૃદયના કેટલાક ભાગ પર સાધારણ અસર થયાનું જણાયું, પણ 'એકો કાર્ડિયોગ્રામ'ના ચાર્જ રૂપે સાડા ચાર સો રૂપિયા આપવાના થયા ત્યારે મને ખ્યાલ આવ્યો કે હૃદયના કેટલાક જ ભાગ પર સાધારણ અસર થઈ છે, પણ ખિસ્સાના બધા જ ભાગ પર ગંભીર અસર પહોંચવા માંડી છે. (આ પુસ્તકમાં અત્રતત્રસર્વત્ર આપેલા મેડિકલ ચાર્જ ૧૯૮૯-૧૯૯૦ના છે

એનો સહૃદય વાચકે સતત ખ્યાલ રાખવો.) ખિસ્સું હૃદયની બરાબર ઉપર શા માટે રાખવામાં આવે છે એ હવે મને સમજાયું. હૃદયરોગની સારવાર દરમિયાન મેં એક મહાન સત્ય શોધી કાઢ્યું છે : 'હૃદય ભારે થાય છે ત્યારે ખિસ્સું હળવું થાય છે. નબળાં હૃદયની રક્ષા ફક્ત મજબૂત - અતિ મજબૂત ખિસ્સું જ કરી શકે છે !'

થોડા દિવસ પછી સ્ટ્રેસ ટેસ્ટ લેવાનું નક્કી થયું. આ સમયગાળામાં આરામ કરવાની ડૉક્ટરે સલાહ આપી. હવે હું આરામની ભ્રમણકક્ષામાં પ્રવેશી ચૂક્યો છું એની મને ખાતરી થઈ.

મારે સ્ટ્રેસ ટેસ્ટ કરાવવાનો છે એની જાણ થતાં અમદાવાદના રહીશ એવા મારા હાસ્યકાર મિત્ર સ્વ. નિરંજન ત્રિવેદીએ કહ્યું હતું : 'તમે ઈચ્છો તો કશા પણ ખર્ચ વગર સ્ટ્રેસ ટેસ્ટ થઈ શકે.'

'એ કઈ રીતે ?' હું પણ છેલ્લાં પંદર વર્ષથી અમદાવાદમાં રહેતો હતો એટલે મફતમાં સ્ટ્રેસ ટેસ્ટ થઈ શકે એ વાતમાં મને રસ પડ્યો.

'સાત માળના ધાબા પર ઝડપથી ચડી જવાનું ને ત્યાં પહોંચીને ''હે રામ !'' એમ કહેવાનું - જો તમે મોટેથી ''હે રામ !'' બોલી શકો તો ટેસ્ટમાં પાસ - પછી કશી ચિંતા નહીં.'

'પણ ''હે રામ !'' એ શબ્દો જ કેમ બોલવાના ?'

'સાતમે માળે પહોંચ્યા પછી તમે જે કંઈ બોલો તે તમારા આખરી શબ્દો બની રહે એમ પણ બને. ગાંધીજીના છેલ્લા શબ્દો ''હે રામ !'' હતા એટલે તમારા જીવનચરિત્રમાં લખી શકાય કે ગાંધીજીની જેમ તમે પણ છેલ્લે ''હે રામ !'' બોલ્યા હતા.'

નિરંજનની સલાહ આકર્ષક અવશ્ય હતી, પણ એમાં રહેલ જોખમને ધ્યાનમાં રાખી મેં ગાંધીજી સાથે મારી તુલના કરાવવાનો લોભ જતો કર્યો !

(ક્રમશઃ)

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

મે મહિનામાં ૩ મેએ 'આળસ આળસ', ૧૭ મેએ 'હાથીભાઈના હાથ' અને ૩૧ મેએ 'રાજાનું કૂતરું' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૦ મેએ 'કિઆરાના વહાલા દાદાજી' અને ૨૪ મેએ 'લોભ કરે નુકસાન' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

પ્રેરણા

# વામસી આંદ્રાને લાખ લાખ ધન્યવાદ

**પ્રીતિ શાહ**

ન્યાયમાં વિલંબ થાય એ ન્યાય ન મળ્યા બરાબર અથવા તો અન્યાય છે એમ માનવામાં આવે છે, પરંતુ આજે એવી પરિસ્થિતિ છે કે ભારતની અદાલતોમાં પાંચ કરોડ કેસનો ચુકાદો આવવાનો બાકી છે અને એમાંથી આશરે સિત્તેર હજાર કેસ તો સુપ્રીમ કોર્ટમાં પડેલા છે ! કેટલાય લોકોની બાબતમાં તો એમને કેસનો ચુકાદો આવે તે પહેલાં એમના જીવનનો અંત આવી જતો હોય છે, તો કેટલાય કેદી એવા છે કે વર્ષો સુધી જેલમાં રહ્યા પછી તેમને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં વામસી આંદ્રા યાદ આવ્યા વિના ન રહે. આંધ્રપ્રદેશના ઓંગોલમાં વસતા વામસી આંદ્રાએ ૨૦૦૬માં હૈદરાબાદની જવાહરલાલ નહેરુ એન્જિનિયરિંગ કૉલેજમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં બી.ટૅક્.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ મલ્ટિનૅશનલ કંપનીમાં સૉફ્ટવૅર એન્જિનિયર તરીકે કામ કર્યું, પરંતુ નાનપણથી એમનું સ્વપ્ન હતું કે આઈ.એ.એસ. થઈને ભારતના ગરીબ, શોષિત અને વંચિત લોકો માટે કામ કરવું. ૨૦૦૮માં ઈન્કમટૅક્સ વિભાગમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે કામ કર્યું અને ૨૦૧૧માં યુ.પી.એસ.સી. પરીક્ષા પાસ કરીને આઈ.એ.એસ. બનવાનું સ્વપ્ન સાકાર કર્યું.

વામસી આંદ્રાને સપ્ટેમ્બર, ૨૦૨૩થી ઉત્તરપ્રદેશના બસ્તી જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ કલેક્ટર તરીકેની કામગીરી સોંપવામાં આવી છે. જોકે એ પહેલાં તેમણે પીલીભીત, શાહજહાનપુર, મથુરા, પ્રયાગરાજ, મોરાદાબાદ, કુશીનગર અને ઝાંસીમાં કામ કર્યું હતું. ૩૮ વર્ષના વામસી આંદ્રાએ જોયું કે બસ્તી જિલ્લામાં મોટા ભાગના લોકો કૃષિ અને કૃષિને લગતા નાના ઉદ્યોગો સાથે સંકળાયેલા છે અને તેના દ્વારા તેમનો જીવનનિર્વાહ ચાલે છે. એક દિવસ તેમની પાસે અનુસૂચિત જાતિની લક્ષ્મી યાદવનો કેસ આવ્યો. વિગત એવી હતી કે લક્ષ્મી યાદવના પરિવારમાં દીકરીનાં લગ્ન થયાં. ત્યારબાદ પરિવારમાં બીમારીને કારણે મહિને વીસ હજારનો ખર્ચ આવતો હતો. આ ખર્ચાઓને પહોંચી વળવા તેમણે પાંચ લાખની લોન લીધી હતી. આ લોન ભરપાઈ કરવા માટે તેમને પોતાની દોઢ વીઘા જમીન વેચવી હતી. ઉત્તરપ્રદેશ રેવન્યૂ કોડ ૨૦૦૬ પ્રમાણે કોઈ અનુસૂચિત જાતિની વ્યક્તિને અનુસૂચિત જાતિ સિવાયની વ્યક્તિને જમીન વેચવી હોય, ભાડે આપવી હોય, ગિરવે મૂકવી હોય કે ભેટ આપવી હોય તો કલેક્ટરની મંજૂરી લેવી પડે. આ મંજૂરી લેવા માટે તેઓ એક વર્ષથી પ્રયત્ન કરતા હતા, પરંતુ તેનો કોઈ ઉકેલ આવતો ન હતો. આજે લક્ષ્મી યાદવનો પરિવાર વામસી આંદ્રાનો આભાર માને છે, કારણ કે એમને જાન્યુઆરી મહિનામાં જમીન વેચવાની મંજૂરી મળી ગઈ છે. માત્ર આ પરિવાર જ નહીં, પરંતુ એવા કેટલાય લોકો ખુશ છે કે જેમના કેસનો પાંચ પાંચ વર્ષથી નિકાલ થતો નહોતો.



વામસી આંદ્રા

વામસી આંદ્રાને તપાસ કરતાં ખબર પડી કે મોટા ભાગના કેસ જમીન અંગેના છે. ક્યાંક નામ બદલવાનું હોય તો ક્યાંક રેકર્ડમાં સુધારો કરવાનો હોય. કેટલાકમાં જમીનની માપણી, જમીનનું સીમાંકન કે જમીનની વહેંચણી થઈ હોય કે વિભાજિત થઈને ફાળવણી કરવાની હોય એવા કેસ છે, જેનો ઉકેલ આવી શકે તેમ છે. તેમનું માનવું છે કે જ્યારે બે વ્યક્તિ વચ્ચે ઝઘડો થાય છે અને નાની નાની વાતને લંબાવવામાં આવે તો તે ઘણો લાંબો સમય ચાલે છે અને ધીમે ધીમે તે બંને વચ્ચે દ્વેષ વધતાં શત્રુતા આવી જાય છે - ખાસ કરીને ક્રિમિનલ કેસમાં. તેથી ન્યાય તરત મળવો જોઈએ. આ બધું જોયા પછી તેમણે આ કેસનો નિકાલ કરવાનું વિચાર્યું. સૌપ્રથમ તો તેમણે એડિશનલ કલેક્ટર, સબકલેક્ટર, તેહસીલદાર, નાયબતેહસીલદાર, ઑફિસર, ડેટા એન્ટ્રી ઑપરેટર, એકાઉન્ટન્ટ, બાર ઍસોસિયેશનની સમિતિ બનાવીને ઑક્ટોબર, ૨૦૨૩થી જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ૪૯,૮૨૩ કેસનો નિકાલ કર્યો.

સમગ્ર ટીમે વર્ષોથી પડ્યા રહેલા કેસોને એક પછી એક પદ્ધતિસર રીતે હાથમાં લીધા. દરેક કેસનું દરરોજ શું સ્ટેટસ છે તેનું નિરીક્ષણ કરવામાં આવતું. એક વર્ષથી પાંચ વર્ષ સુધીના સમયગાળાની ફાઈલોને નવા નંબર આપ્યા. જે તે લોકોને તેમના ક્રમ પ્રમાણે બોલાવવામાં આવતા. પ્રિસાઇડિંગ ઑફિસરને સત્તા આપવામાં આવી કે જો કોઈ હાજર ન રહે તો તે જગ્યાએ જઈને વાદી અને પ્રતિવાદીના લેખિત નિવેદનથી કેસનો નિકાલ કરવો. વામસીએ ક્રિમિનલ કેસને જુદા પાડ્યા. કેટલાય લોકો કેસ વખતે હાજર થતા નહોતા. જેમ કે એક કેસમાં તેત્રીસ વખત નોટિસ આપ્યા છતાં વ્યક્તિ હાજર થતી નહોતી તો તેની યોગ્ય કાનૂની પ્રક્રિયા કરીને રદબાતલ કરી દીધા. આ પ્રમાણે નિયમિત કામ થવા લાગ્યું. પ્રિસાઇડિંગ ઑફિસર દ્વારા તૈયાર થતા દરરોજના હેવાલ પર દેખરેખ રાખવામાં આવતી હતી.

ઑફિસરો અને અન્ય સત્તાધીશો તેમનો રોજનો લક્ષ્યાંક પૂછીને મેળવી લેતા. આમ સમગ્ર ટીમ દ્વારા આશરે પચાસ હજાર કેસનો નિકાલ થયો, છતાં હજી વીસેક હજાર કેસ બાકી છે. જેમાંથી ૫૭૦૦ કેસ એક વર્ષ જૂના, ૧૧૫૦ કેસ ત્રણ વર્ષ જૂના છે અને ૧૬૫૦ કેસ પાંચ વર્ષ જૂના છે. પાંચ વર્ષથી વ્યક્તિ અદાલતમાં ન ગઈ હોય એવા કેસનો ઝડપથી નિકાલ કરવાનું લક્ષ્યાંક છે. જોકે આ ચાર મહિનામાં ૧૭,૭૦૦ નવા કેસ આવ્યા છે, પરંતુ તેના વિશે વામસી આંદ્રા માને છે કે આનો અર્થ એ છે કે ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ વધ્યો છે. એમને આશા છે કે એમને ઝડપથી ન્યાય મળશે. કડક ઑફિસર અને ત્વરિત નિર્ણય લેનારની છાપ ધરાવનાર વામસી આંદ્રા સમગ્ર ટીમનો આભાર માનીને કહે છે કે એમણે કોઈ વિશેષ કામ નથી કર્યું, આ રીતે જ કામ કરવાનું હોય છે અને તે મેં કર્યું છે.

ટેક્નૉલૉજી

# એ.આઈ.ની મદદથી તૈયાર થશે તબાહી સર્જનારા રાસાયણિક હથિયારો !

હર્ષ મેસવાણિયા


માનવજીવન સરળ બનાવવા માટે ટૅક્નૉલૉજી મદદરૂપ થાય છે. જેમ જેમ ટૅક્નૉલૉજી વિકસતી જાય છે, તેમ તેમ માણસનાં દરેક રોજિંદાં કાર્યો આસાન બનવા લાગ્યાં છે. મોબાઈલથી માંડીને એઆઈ સુધીની ટૅક્નૉલૉજીએ એક તરફ આપણી સુગમતા વધારી છે તો બીજી તરફ તેનાથી ખતરો પણ સર્જાયો છે. એઆઈ ગણતરીની મિનિટોમાં રિસર્ચ કરી આપે છે. માત્ર થોડી સેકન્ડમાં ફોટો બનાવી આપે છે. અનુવાદો કરી આપે છે. કોઈ વિષયને લગતા નવા નવા વિચારો આપે છે. આપણે વિષય આપીએ તો એને લગતું લખાણ તૈયાર કરી આપે છે. ૨૦૨૨ના અંતે થયેલી એઆઈ ક્રાંતિએ ટૅક્નૉલૉજીનું ચિત્ર બદલી નાખ્યું છે, પરંતુ એઆઈ ટૅક્નૉલૉજી જેટલી ઉપયોગી છે, એટલી જ ખતરનાક પણ છે.

એઆઈથી ડીપફેક થાય છે. અવાજની આબેહૂબ નકલ કરી શકે છે. કોઈ વ્યક્તિનો એવો ફેક ફોટો કે વીડિયો બનાવી શકે છે કે પહેલી નજરે સાચા-ખોટાનો ભેદ પારખવો મુશ્કેલ બની જાય છે. હેકર્સ એઆઈ ચૅટબોટ્સને પ્રૉમ્પ્ટ આપીને હેકિંગની તરકીબો મેળવે છે. આ બધી નકારાત્મક બાબતોમાં હવે વધુ એકનો વધારો થયો છે. નિષ્ણાતોને ડર છે કે એઆઈ કેમિકલ હથિયાર બનાવવા મદદ કરી શકે છે. જો આ ભીતિ સાચી હોય તો એઆઈનાં દુષ્પરિણામોની કલ્પના જ કરવી રહી.

રાસાયણિક હથિયારો પરમાણુ હથિયાર જેટલાં જ ખતરનાક છે. સૌથી ઘાતક હથિયારોની યાદી બનાવવામાં આવે તો એમાં રાસાયણિક હથિયારોનું નામ શરૂઆતમાં મૂકવું પડે. રાસાયણિક હથિયાર એટલાં સાયલન્ટ અને ખતરનાક છે કે તેના ઉપયોગની ખબર પડે તે પહેલાં જ એ એનું કામ કરી નાખે છે.

હવે કોઈ આપણને કહે કે આ હથિયારો એઆઈથી બની શકે તો? આપણને એ વાત પર બિલકુલ વિશ્વાસ ન બેસે, કારણ કે અત્યાર સુધી આપણે એમ માનીએ છીએ કે રાસાયણિક હથિયારો બનાવવામાં ખૂબ રિસર્ચ કરવું જોઈએ, અત્યંત મહેનત કરવી પડે, લૅબોરેટરીમાં કલાકો વિતાવ્યા પછી જ તેને વિકસાવી શકાય. આજની તારીખ સુધી એમ જ થાય છે, પરંતુ હવે કદાચ એવી જરૂર ન પણ પડે. કદાચ આ કામ એઆઈથી આસાનીથી થઈ શકે. એઆઈ તમારા પ્રૉમ્પ્ટ પરથી મિનિટોમાં નહીં તો કલાકોમાં આ કામ કરી શકે છે. આ દાવો કોઈ સામાન્ય એઆઈને સમજનારા માણસે નથી કર્યો, આ દાવો કર્યો છે ટોચની એઆઈ કંપનીઓમાં સામેલ અને ચર્ચાસ્પદ બની ગયેલી ઍન્થ્રૉપિકના સહસ્થાપક-સીઈઓ ડારિયો એમોડેઈએ.

ડારિયો એમોડેઈ કહે છે : હવેના એઆઈ એજન્ટ્સ બાયૉલૉજિકલ શસ્ત્રો પણ બનાવી શકે છે. એઆઈને એક હદથી વધારે ડેટા આપવાનું સુરક્ષિત નથી. એઆઈ એજન્ટ હવે




માણસથી વધારે બુદ્ધિશાળી થઈ રહ્યા હોવાથી તેનો સુરક્ષિત ઉપયોગ કરવો જરૂરી છે. તે ઓપન સૉર્સના ડેટાનું ઍનાલિસિસ કરીને રાસાયણિક હથિયારો બનાવવામાં મદદરૂપ થઈ શકે. બેશક, એ દરેક વ્યક્તિને સીધેસીધી માહિતી આપશે નહીં, પરંતુ જેમને પ્રૉમ્પ્ટ એન્જિનિયરિંગ આવડે છે અને જેમને રાસાયણિક હથિયારો માટે શું જરૂરી છે તેની જાણકારી છે એવા લોકો ફેરવીને સવાલો પૂછી શકે છે અને એ રીતે એઆઈ એજન્ટ્સ તેમને મદદ કરી શકે છે. ઍન્થ્રૉપિકે આ જાણકારી એમ જ આપી દીધી ન હતી. તેમની સિસ્ટમમાં એવું જણાયું કે એઆઈ એજન્ટ પોતાની રીતે અપડેટ થઈને અમુક ઘાતક જાણકારી એકઠી કરી શકે છે. શક્ય છે કે કંપનીને એવા પ્રૉમ્પ્ટની જાણકારી મળી હોય.

ઈરાન-ઈઝરાયલ વચ્ચે જ્યારે યુદ્ધ થવાની ભીતિ હતી એ દિવસોમાં પહેલી વખત ડારિયો એમોડેઈએ લેખમાં કહ્યું હતું કે એઆઈ ટૅક્નૉલૉજી તેની ઉત્ક્રાંતિના ત્રણ-સાડા ત્રણ વર્ષ પછી હવે જુદી જુદી વિજ્ઞાનશાખાનું એટલું જ્ઞાન એકત્રિત કરી ચૂક્યું છે કે તેનાથી એ બાયૉકેમિકલ શસ્ત્રો બનાવવાની રીત જણાવી શકે. જે કામ અત્યાર સુધી વર્ષોની મહેનત અને અથાક મહેનત પછી લૅબોરેટરીમાં જ શક્ય હતું એ કામ એઆઈ વિશાળ માહિતીસ્રોતના આધારે આપી શકે છે. જો આજના એઆઈ એજન્ટ્સને વધારે ડેટા, વધારે કમ્પ્યૂટિંગ પાવર અને બનાવવામાં વધારે સમય આપવામાં આવશે તો એ આવાં અશક્ય લાગતાં કાર્યો કરી શકે છે. આતંકવાદીઓ કે બળવાખોર જૂથો એઆઈની મદદથી રાસાયણિક હથિયારો બનાવી નાખે તો માનવજાત સામે અસ્તિત્વનું જોખમ આવી પડે. એઆઈ ટૅક્નૉલૉજી માટે ઑક્સિજન છે ડેટા. છેલ્લાં ત્રણ વર્ષમાં એઆઈ કંપનીઓએ પોતપોતાના એઆઈ એજન્ટને વધારે સક્ષમ બનાવવા અમર્યાદ ડેટા આપી દીધો છે. એઆઈ પાસે જેટલો ડેટા વધારે તેમ એ સારી રીતે જવાબો આપી શકે. એઆઈ ટૅક્નૉલૉજીને માનવજાતે એટલી માહિતી આપી દીધી છે કે તેનો દુરુપયોગ વિધ્વંસક સાબિત થઈ શકે છે.

**(અનુસંધાન ૨૭મા પાને)**

પત્રકારત્વ

# પત્રકાર ગાંધીજીનો નિર્ભીક એકરાર

**હેમલ જાદવ**

મહાન ઍંગ્લો - આઈરીશ રાજકારણી અને દાર્શનિક એડમંડ બર્કે(Edmund Burke) ઈ. સ. ૧૭૭૧માં બ્રિટિશ ઉમરાવસભામાં ભાષણ આપતી વખતે અખબારોને લોકશાહીનો ચોથો સ્તંભ ગણાવ્યો હતો. માધ્યમો જનતા સુધી માહિતી પહોંચાડે છે, જનમત ઘડે છે, સરકારનાં કાર્યો પર નજર રાખે છે, જનતાનો અવાજ બને છે અને માનવઅધિકારોની રક્ષા કરે છે. માધ્યમોની આ ‘વૉચડૉગ’ જેવી ભૂમિકાને કારણે તેમના પર સતત જોખમ પણ તોળાતું રહે છે. સ્થાપિત હિતો, સરકારો, સરમુખત્યારો સામે નિર્ભીક રીતે લખવા-બોલવા બદલ ૨૦૦૩થી ૨૦૨૨ સુધીના બે દાયકા દરમિયાન ૧૬૦૦ જેટલા મીડિયાકર્મીઓની હત્યા કરવામાં આવી હતી. અલબત્ત પત્રકારો સામેનાં જોખમોનો ઈતિહાસ ઘણો જૂનો છે. જર્મનીના સરમુખત્યાર હિટલરના સમયમાં પણ પત્રકારોની મોટા પાયે હત્યાઓ થઈ હતી. પત્રકારો પર થતા આવા અત્યાચારો અટકાવવા, માધ્યમોની સ્વતંત્રતા અને સ્વાયત્તતા જાળવવા, અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારને સુરક્ષા પ્રદાન કરવાના હેતુથી આફ્રિકન દેશ નામિબિયાની રાજધાની વિન્ડહોક ખાતે યુનેસ્કોના સહયોગથી ૩ મે, ૧૯૯૧ના દિવસે આફ્રિકાના પત્રકારોની એક પરિષદ મળી. આ પરિષદ દરમિયાન માધ્યમોની સ્વતંત્રતાને કેન્દ્રમાં રાખીને એક ઐતિહાસિક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો, જે ‘વિન્ડહોક ડેક્લેરેશન’ તરીકે જાણીતો બન્યો. આ ઐતિહાસિક ઘટનાના બે વર્ષ બાદ યુનેસ્કોના સૂચનને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દ્વારા ત્રીજી મેના દિવસને ‘વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે’ તરીકે મનાવવાનું જાહેર કરવામાં આવ્યું.

ભારતમાં પણ પત્રકારો પર હુમલાના કિસ્સા બનતા રહ્યા છે. સ્વતંત્રતા પૂર્વે અંગ્રેજ શાસનમાં પણ સત્તા સામે અવાજ ઉઠાવનારા પત્રકારો અને અખબારોએ સરકારની કરડી આંખ સહેવી પડતી હતી અને જેલવાસ ભોગવવો પડતો હતો. ખુદ ગાંધીજીએ પણ બેબાકપણે લખવા બદલ જેલવાસ ભોગવવો પડ્યો હતો.

ઈ. સ. ૧૮૬૦માં અંગ્રેજોએ આપણે ત્યાં ‘ઇન્ડિયન પિનલ કોડ’ દાખલ કર્યો. જોકે એ વખતે તેમાં રાજદ્રોહની કલમ નહોતી, પરંતુ સ્વતંત્રતાની માંગણી તીવ્ર બનતાં અને માધ્યમોનો ક્રમિક વ્યાપ વિસ્તરતાં અંગ્રેજોની નીતિ-રીતિઓ સામે હિન્દુસ્તાનમાં વિરોધનો સૂર પ્રચંડ બનવા લાગ્યો. આ અવાજને દબાવી દેવા ઈ. સ. ૧૮૭૦માં ઇન્ડિયન પિનલ કોડમાં સુધારો કરીને કલમ ૧૨૪-એ જોડવામાં આવી. આમ, મુક્ત રીતે અંગ્રેજોની ટીકા-ટિપ્પણી કરનારા પત્રકારો અને અખબારો પર રાજદ્રોહના કેસનો ગાળિયો કસવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત પહેલવહેલો કેસ મરાઠી અખબાર ‘કેસરી’ના તંત્રી બાળ ગંગાધર ટિળક સામે ૧૮૯૭માં દાખલ થયો હતો. ત્યારબાદ


૧૯૦૮માં પણ તેમના પર રાજદ્રોહનો કેસ ચાલ્યો હતો અને તેમને છ વર્ષની સજા થઈ હતી.

આ ઘટનાના બરોબર ૨૫ વર્ષ બાદ અંગ્રેજ સરકારે આ જ કલમ અંતર્ગત ગાંધીજી સામે તહોમતનામું ઘડ્યું અને એક પત્રકારના નિર્ભીક અવાજને દબાવવાનો પ્રયાસ કર્યો. પત્રકારત્વની દુનિયામાં આ કેસ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ૧૯૧૫માં ગાંધીજીનું ભારતમાં આગમન થયું અને થોડા જ સમયમાં તેમણે અંગ્રેજો સામે સ્વાતંત્ર્યચળવળનાં મંડાણ કર્યાં. બ્રિટિશ સરકારના અન્યાયી કાયદાઓ અને અત્યાચારો સામે લોકજાગૃતિ કેળવવા માટે ગાંધીજીએ હિંદુસ્તાનમાં 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' અખબારોની ધુરા સંભાળી. ૧૯૨૨માં ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા' અખબારમાં અંગ્રેજ સરકારની ટીકા કરતા ચાર લેખો લખ્યા. આ લેખો આ પ્રમાણે હતા : ૧. ૧૫ જૂન, ૧૯૨૧ - બેદિલી એક સદ્‌ગુણ, ૨. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૨૧ રાજદ્રોહ, ૩. ૧૫ ડિસેમ્બર, ૧૯૨૧ વાઇસરૉયની મૂંઝવણ અને તેનો ઉકેલ તથા ૪. ૨૩ ફેબ્રુઆરી, ૧૯૨૨ - હુંકાર.

સમગ્ર દેશમાં ગાંધીજીનો પ્રભાવ વધી રહ્યો હતો. ગાંધીજીની સ્વરાજની આલબેલ સાંભળીને જનસામાન્યથી માંડીને મોટા મોટા નેતાઓ, વકીલો, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો સ્વાતંત્ર્યચળવળમાં સક્રિય થયા હતા. અંગ્રેજ સરકાર ગાંધીજીના વધતા જતા પ્રભાવથી ડરી ગઈ અને ગાંધીજી પર યેનકેન પ્રકારેણ ગાળિયો કસવા સાબદી બની.

દરમિયાન 'યંગ ઇન્ડિયા'માં છપાયેલા આ ચાર લેખોએ અંગ્રેજ સરકારને ગાંધીજીની ધરપકડની મજબૂત તક આપી. અમદાવાદના જિલ્લા મૅજિસ્ટ્રેટે તેમના નામનું વૉરંટ કાઢ્યું અને ૧૦ માર્ચ, ૧૯૨૨ના રોજ રાતે દસ વાગ્યે સાબરમતી આશ્રમ ખાતેથી ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. ગાંધીજીની સાથે સાથે 'યંગ ઇન્ડિયા'ના મુદ્રક અને પ્રકાશક શંકરલાલ બૅંકરની પણ ધરપકડ કરવામાં આવી. ૧૧મી તારીખે તેમને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા. ગાંધીજી પર આરોપનામું ઘડાયું કે ઉપરોક્ત ચાર લેખો દ્વારા ગાંધીજીએ સરકાર સામે રાજદ્રોહ કર્યો છે.

વર્તમાન સમયના શાહીબાગ ખાતેના સર્કિટ હાઉસમાં કામચલાઉ અદાલત ઊભી કરવામાં આવી અને અહીં જ ગાંધીજી પર ખટલો ચાલ્યો. ૧૮મી માર્ચે કેસની સુનાવણી હાથ ધરવામાં આવી. ગાંધીજીને ભય હતો કે તેમની સજા સાંભળીને તોફાન થશે એટલે તેમણે આમપ્રજાને સર્કિટ હાઉસ પર જમા ન થવા અંગેની વિનંતી કરતા પત્રો સ્થાનિક નેતાઓ પાસે લખાવ્યા. લોકોએ ગાંધીજીની વિનંતીનો સ્વીકાર કર્યો અને અદાલતના પ્રાંગણમાં ભીડ જમા ન થઈ. તોફાનો કે અન્ય હિલચાલ ન થાય એ માટે સરકારે કંપાઉન્ડમાં હથિયારધારી સિપાહીઓનો ખડકલો કર્યો હતો. કોર્ટની કાર્યવાહી જોવા જવા માટે વિશેષ પાસ તૈયાર કરવામાં આવ્યા હતા. પાસ મેળવનાર લોકોએ સવારે દસ વાગ્યા પહેલાં પોતાની જગ્યા અદાલતમાં લઈ લેવાની હતી. જેઓને પાસ નહોતા મળ્યા એ લોકો અદાલતથી થોડે દૂર રસ્તા પર જમા થયા હતા, જેથી આવનારા ચુકાદાની વિગતો તરત જ મળી શકે.



બપોરે બાર વાગવામાં ચૌદ મિનિટ બાકી હતી ત્યારે જેલ સુપરિન્ટેન્ડેન્ટ ગાંધીજી અને શંકરલાલ બૅંકરને લઈને અદાલતમાં પ્રવેશ્યા. અંગ્રેજ સરકારનો ભય રાખ્યા વિના ગાંધીજીના સન્માનમાં અદાલતમાં બેઠેલી દરેક વ્યક્તિ ઊભી થઈ ગઈ. ગાંધીજીનો આરોપ પુરવાર કરવા માટે લડનારા સરકારી વકીલે – ઍડ્વોકેટ જનરલે પણ અદબથી માથું ઝુકાવી ગાંધીજીનું સન્માન કર્યું. બરાબર બારના ટકોરે સેશન્સ કોર્ટના ન્યાયાધીશ મિ. બ્રૂમફિલ્ડ અદાલતમાં પહોંચ્યા. રજિસ્ટાર મિ. ઠાકોરે ગાંધીજી અને શંકરલાલ પર ઘડાયેલું તહોમતનામું ઊંચા સૂરમાં વાંચ્યું. જજે તહોમતનામું સમજાવ્યું.

ગાંધીજી પોતે કાયદો ભણેલા હતા, દક્ષિણ આફ્રિકામાં તેઓને વિવિધ કાયદા સાથે પનારો પણ પડ્યો હતો. તેથી તેમણે પોતાનો કેસ જાતે જ સંભાળ્યો. અંગ્રેજ સરકારના આકરા વલણથી ચારે તરફ સ્પષ્ટ થઈ ચૂક્યું હતું કે ગાંધીજીને લાંબી સજા થશે. ખુદ ગાંધીજી પોતે પણ આ વાત જાણતા હતા. છતાં તેમણે પોતાનો બચાવ કરવાને બદલે પોતાના ‘ગુના’નો એકરાર કર્યો. તેમણે અત્યંત નમ્રતાથી ન્યાયાધીશ સામે પોતાના માટે કડકમાં કડક સજાની માંગણી કરતાં કહ્યું : ‘હું દયા માંગતો નથી. તેમ મારા ગુનાને હળવો ગણો એવી પણ દલીલ કરવા ઇચ્છતો નથી. માટે કાયદાની દૃષ્ટિએ જે ઈરાદાપૂર્વક ગુનો ગણાય, પણ મારે મન તો જે દરેક શહેરીની એક ઊંચામાં ઊંચી ફરજ છે તે માટે સખતમાં સખત સજા માગી લેવા અને તેને આનંદથી તાબે થવા હું અહીં બેઠો છું. મારા લેખિત એકરારમાં હું જણાવવાનો છું તેમ હે ન્યાયાધીશ ! તમારે માટે બે જ માર્ગ ખુલ્લા છે. જો તમને લાગે કે જે કાયદાનો તમારે અમલ કરવાનો છે તે એક પાપી વસ્તુ છે અને ખરું જોતાં હું નિર્દોષ છું તો તમે તમારી જગાનું રાજીનામું આપો

અને એમ કરીને પાપનો સંગ તજો; પણ જો તમને એમ લાગે કે જે કાયદાનો તમે અમલ કરો છો અને જે પદ્ધતિ ચલાવવામાં મદદ કરો છો તે સારી વસ્તુ છે અને તેથી મારી પ્રવૃત્તિ પ્રજાહિતને નુકસાનકર્તા છે તો કડકમાં કડક સજા ફરમાવો.'

બાદમાં ગાંધીજીએ તેમનું લેખિત એકરારનામું વાંચી સંભળાવ્યું. અદાલતમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. બહાર ગલીઓ અને રસ્તાઓ પણ મૌન બની ગયાં. એકચિત્તે સહુ ગાંધીજીનું એકરારનામું સાંભળી રહ્યા. જેમાં ગાંધીજીએ અંગ્રેજ સરકારે હિન્દુસ્તાનમાં કેવી પાયમાલી કરી, હિન્દુસ્તાનને કેવું લાચાર કરી મૂક્યું છે અને અંગ્રેજોએ કરેલા જુલમો વિશે વાંચી સંભળાવ્યું. ગાંધીજીએ એકરારનામું પૂરું કર્યું એ પછી જજ બ્રૂમફિલ્ડે ચુકાદો સુણાવતાં કહ્યું : 'મિ. ગાંધી, તમે આરોપનો સ્વીકાર કરી એક રીતે મારું કામ સરળ કરી આપ્યું છે, પણ તમને કેટલી સજા આપવી એ નક્કી કરવાનું કામ સહેલું નથી. મને નથી લાગતું કે આ દેશમાં કોઈ પણ જજ આગળ આટલું અઘરું કામ કોઈ વાર આવી પડ્યું હોય. તમે જુદી જ કોટિના પુરુષ છો તે તરફ મારાથી દુર્લક્ષ કરાય એમ નથી. તમારા કરોડો દેશબંધુઓની દૃષ્ટિમાં તમે મહાન દેશભક્ત છો, મહાન નેતા છો અને એ વસ્તુ તરફ પણ દુર્લક્ષ કરાય તેમ નથી.'

ગાંધીજીને કેટલી સજા આપવી જોઈએ તે બાબતે ન્યાયાધીશ બ્રૂમફિલ્ડે ૧૯૦૮માં ટિળક પર થયેલા રાજદ્રોહના કેસનો ઉલ્લેખ કર્યો અને ટિળકને એ કેસમાં છ વર્ષની સજા થઈ હોવાથી આ કેસમાં પણ ગાંધીજીને છ વર્ષની સજા ફરમાવવાનો ન્યાયાધીશે હુકમ કર્યો. સજા ફરમાવતી વેળાએ ન્યાયાધીશે કહ્યું કે, 'હું એટલું ઉમેરવા માંગું છું કે ભવિષ્યમાં જો હિંદુસ્તાનનું રાજદ્વારી વાતાવરણ શમે અને સરકાર તમારી સજા ઓછી કરી તમને છોડી શકે તો તે દિવસે મારા જેટલો આનંદ બીજા કોઈને નહીં થાય.'

સજા સુણાવી ન્યાયાધીશ અદાલતમાંથી જતા રહ્યા અને પોલીસઅમલદારો ગાંધીજીને જેલમાં પાછા લઈ જવાની વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા. અદાલતમાં બેઠેલા લોકો અચાનક ઊભા થઈને ગાંધીજીને પગે લાગવા લાગ્યા. સરકારી અમલદારો અને વકીલો પણ ગાંધીજી સમક્ષ નતમસ્તક થયા.

૧૦ માર્ચ, ૧૯૨૨ના રોજ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા હતા. અહીં કાચા કામના કેદી તરીકે તેમને પત્રો લખવાની તથા લોકોને મુલાકાત આપવાની છૂટ આપવામાં આવી હતી. પોતે જેલની શાંતિનો કેવો આનંદ માણી રહ્યા છે તેનો ઉલ્લેખ કરતાં ગાંધીજીએ પોતાના ભાણેજ મથુરદાસ ત્રિકમદાસને પત્રમાં લખ્યું છે : 'મારી શાંતિનો પાર નથી. અહીં તો ઘર જ છે. હજુ તો જેલ જેવું કંઈ લાગતું જ નથી. પણ જ્યારે મળનારા આવતા બંધ થશે ને જેલનો કંઈક દાબ પણ આવશે ત્યારે હું વધારે શાંતિ ભોગવવાનો, એ તો ખચિત માનજો.' ચુકાદો આવી ગયા બાદ ૨૦ માર્ચ, ૧૯૨૨ની મધ્યરાત્રિએ ગાંધીજી તથા શંકરલાલ બૅંકરને સ્પેશિયલ ટ્રેન દ્વારા સાબરમતી જેલમાંથી યરવડા જેલમાં ખસેડવામાં આવ્યા હતા. ગાંધીજીએ અહીં છ વર્ષની સજા કાપવાની હતી, પરંતુ સજા પડ્યાના લગભગ બે વર્ષ બાદ એટલે કે ૧૦ જાન્યુઆરી, ૧૯૨૪ના રોજ ગાંધીજીને ઍપેન્ડિક્સનું

દર્દ ઊપડતાં સાસૂન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં એક અંગ્રેજ સર્જન દ્વારા તેમનું ઍપેન્ડિક્સનું ઑપરેશન થયું. ગાંધીજીની બીમારીને લક્ષમાં લેતાં ૪ ફેબ્રુઆરી, ૧૯૨૪માં તેમને બિનશરતી છોડી મૂકવાનો હુકમ નીકળ્યો.

ગાંધીજી અમદાવાદની સાબરમતી જેલમાં ૧૦ દિવસ રહ્યા હતા. આજે પણ અહીં ગાંધીજી જે જગ્યાએ રહ્યા હતા તેને 'ગાંધીખોલી' તરીકે ઓળખવામાં આવે છે. અહીં જેલના કેદીઓ દ્વારા નિયમિત દીવો પણ કરવામાં આવે છે. ઇતિહાસમાં આ કેસ 'ધ ગ્રેટ ટ્રાયલ' તરીકે ઓળખાય છે. જે રીતે મહાન તત્ત્વચિંતક સૉક્રેટિસ પર કેસ ચાલ્યો હતો અને તેમણે એકરાર કર્યો હતો એ જ રીતે ગાંધીજીએ પણ પોતાના 'ગુના'નો એકરાર કર્યો અને પોતાના માટે સખતમાં સખત સજાની માંગણી કરી. આજે વિશ્વમાં જ્યારે ચારે તરફ સત્તાલાલસા, રાજકીય દાવપેચ, સરમુખત્યારશાહી, કોમી ભેદભાવો, નાગરિકઅધિકારોનું હનન જેવી ઘટનાઓ વધી રહી છે ત્યારે સ્વતંત્ર મીડિયાની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. જ્યારે એક પત્રકાર નિર્ભીક થઈને પોતાની ફરજ અદા કરે છે ત્યારે માધ્યમો ખરા અર્થમાં લોકશાહીનો ચોથો સ્તંભ બની રહે છે. ભારત સહિત એશિયાના ઘણા દેશોમાં માધ્યમોની સ્વતંત્રતા સામે જોખમ ઊભું થયું છે. આવા સમયે ગાંધીજી જેવા ખરા અર્થમાં નિર્ભીક પત્રકારો સમાજની તાતી જરૂરિયાત બની રહ્યા છે, જે લોકશાહીના માળખાને જીવંત રાખવાના મશાલચી બની રહે.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

સ્મરણ

# નાટ્યદિગ્દર્શક ભરત દવેનાં કેટલાંક સંસ્મરણો

**અભિજિત વ્યાસ**

ગુજરાતમાં નાટ્યપ્રવૃત્તિઓમાં જે કેટલાક કલાકારો ઉલ્લેખનીય છે તેમાં નાટ્ય-દિગ્દર્શક ભરત દવે અગ્રસ્થાન પર યાદ આવે. ૧૫મી મેએ એમની પુણ્યતિથિ નિમિત્તે એમનાં કેટલાંક સ્મરણો અહીં પ્રસ્તુત કરું છું.

ભરતભાઈ મારાથી ઉંમરમાં મોટા એટલે શરૂઆતનાં વર્ષોમાં માત્ર એમને જોવાના પ્રસંગો બનતા, પણ જેને મિત્ર કહેવાય તેવો ખાસ સંબંધ નહીં. એ સમયે ભરતભાઈ સિતાર વગાડતાં શીખતા હતા અને તેઓ જેમની પાસે સિતાર શીખતા હતા તે બચુભાઈ શાસ્ત્રી પાસે હું પણ સિતારનો રિયાઝ કરવા જતો હતો. આમ એમના સિતારના શિક્ષણનો સાક્ષી રહ્યો છું. તે સમયે ઔપચારિક વાતોથી વધુ કંઈ ન હતું. અમે સાથે રિયાઝ કરેલો, પણ સિતારનું શીખવું એમના માટે અગ્રક્રમ નહોતો, તેથી સાતત્ય નહોતું જળવાતું. તેઓ અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ. કર્યા પછી જામનગરની કૉમર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. એ સમયે ‘રંગમંચ’ નામની એક સંસ્થા નાટ્યપ્રવૃત્તિઓ કરતી હતી. તેમાં ભરતભાઈ અને બીજા કેટલાક કલાકારમિત્રો નાટકો કરતા હતા એ નાટકો જોવાના પ્રસંગો બન્યા હતા. તેમાંથી એક ગ્રૂપ છૂટું પડ્યું અને ‘નાટ્યસંગમ’ નામની એક જુદી સંસ્થા કરીને નાટકો કરવા લાગ્યાં. આ નાટ્યસંગમમાં જોડાયેલા મોટા ભાગના કલાકારો ભરતભાઈના મિત્રો હતા, જેમાં ભરત દવે ઉપરાંત શશિકાન્ત દવે, દેવેન્દ્ર દીક્ષિત, જયકર ધોળકિયા જેવા નાટકોના રસિયા હતા. અને એમણે કેટલાંક નાટકો સાથે મળીને કર્યાં હતા. આ સંસ્થા સાથે મારે એક સક્રિય પ્રેક્ષક તરીકે જોડાવાનું બન્યું હતું. નાટ્યસંગમનાં મોટા ભાગનાં નાટકો જોયાનું સ્મરણ છે. કેટલીક વાર તેઓનાં રિહર્સલ પણ જોવા જતો. મારા એક કાકા મધુકર વ્યાસ પણ આ સંસ્થા સાથે જોડાયેલા અને નાટકોમાં નાના નાના રોલ ભજવતા. એ કારણે એ બધા નાટ્યકલાકારોની સાથે પરિચય વધ્યો જે પછીથી મિત્રતામાં પરિણમ્યો. એ પછી એમની સાથે વાતો કરવાના અને સાથે ફરવાના પ્રસંગો બન્યા. અમને ફિલ્મો જોવાનો પણ ખૂબ શોખ હતો અને તે સમયે અંગ્રેજી ફિલ્મો સવારના દસ વાગે મૉર્નિંગ શોમાં આવતી અને ત્યાં અમે ભેગા થઈ જતા હતા. આ રીતે મેં અને ભારતભાઈએ અનેક ફિલ્મો મૉર્નિંગ શોમાં સાથે જોઈ છે.

આ સમયમાં એક વખત અમે કેટલાક મિત્રો તે સમયે યોજાયેલી મોરારજી દેસાઈની એક સભામાં એમને સાંભળવા ગયા હતા. સભા પૂર્ણ થયા બાદ મોરારજીભાઈને મળવા અને એમના હસ્તાક્ષર લેવા ગયા. મોરારજી દેસાઈનો એક એવો નિયમ હતો કે હસ્તાક્ષર એ જ વ્યક્તિને તેઓ આપતા જે ખાદી નિયમિત પહેરતો હોય અને એ નિયમ મુજબ હસ્તાક્ષર આપતાં પહેલાં તેઓ પૂછતા કે ‘ખાદી પહેરો છો?’

આજીવન ખાદીધારી ભરતભાઈએ તરત જ જવાબમાં કહ્યું, ‘આપ મને જોઈ શકો છો કે મેં શું પહેર્યું છે.’

એના જવાબમાં મોરારજીભાઈ બોલેલા, ‘એ તો આજ ખાસ પહેરીને આવ્યા હો એવું પણ હોય.’



હાજરજવાબી ભરતભાઈ બોલ્યા, ‘માફ કરજો વડીલ, પણ મારા ઘરમાં બાળોતિયાં અને મસોતાં પણ ખાદીનાં જ વપરાય છે.’

તે સમયે પાછળ નટુભાઈ આ સંવાદ સાંભળતા હતા એટલે તેઓ બોલ્યા, ‘ભરત બાલકૃષ્ણભાઈ વૈદ્યનો પુત્ર છે.’ આ સાંભળીને ‘ઓહ’ બોલતાં હસીને મોરારજીભાઈએ હસ્તાક્ષર કરી આપ્યા અને ખભો થાબડ્યો. તે સમયના કેટલાક વરિષ્ઠ કૉંગ્રેસીઓમાં નટુભાઈ હતા, કે. પી. શાહની સાથે બાલકૃષ્ણભાઈ પણ કૉંગ્રેસમાં સક્રિય હતા અને મોરારજીભાઈના વ્યક્તિગત પરિચયમાં હતા. ભરતભાઈ પણ ચુસ્ત ખાદીધારી હતા. હંમેશાં એમણે ખાદી જ પહેરી. ખાદીની એમની પસંદગી પણ ઉત્તમ રહેતી.

અમારી મિત્રતા વધતી ગઈ. ભરતભાઈને પેઇન્ટિંગનો શોખ હતો અને મારા પિતાશ્રીએ વસાવેલાં પેઇન્ટિંગનાં અનેક પુસ્તકો જોવા તેઓ ખાસ આવતા. આમ અમારા ઘેર પણ એમની આવનજાવન થતી. તેઓ ચિત્રકળા, ફોટોગ્રાફી અને સંગીતની વાત કરવા પણ આવતા. આમ સંબંધો વધવા લાગ્યા. પણ પછીથી એમને નાટ્યપ્રવૃતિઓમાં વધુ રસ હોવાને કારણે મુંબઈ ગયા અને ત્યાંથી દિલ્હી નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં દાખલ થયા. એ સમયગાળામાં મળવાનું ઓછું થઈ ગયું.

પછી એન.એસ.ડી.ના એક વૅકેશનમાં જામનગર આવેલા ત્યારે એમને નાટક કરવાનો વિચાર આવ્યો. નાટ્યસંગમ સંસ્થા તો બંધ થઈ ગઈ હતી અને એમાંના મિત્રો જુદાં જુદાં શહેરોમાં વસી ગયા હતા. જયકર ધોળકિયા સર્વિસના કારણે જૂનાગઢ જતા રહ્યા હતા તેથી ફરી જૂની સંસ્થા ‘રંગમંચ’ સાથેના જૂના મિત્રોની સાથે એક નાટક કરવાનું વિચાર્યું. આ નાટક કર્યું તે ‘બંધ બારણે, અંધ ટકોરા’, એ અંગ્રેજી ફિલ્મ ‘વેઇટ અન્ટિલ ડાર્ક’ પર આધારિત હતું. એમણે આ નાટક પસંદ કર્યું ત્યારે રંગમંચ પર દામુ સાંગાણીનાં નાટકો કરતા કલાકારો આશ્ચર્યમાં ડૂબી ગયા. આ નાટક થાય જ નહીં એમ કહેતા. પણ ભરતભાઈએ જે ધીરજથી એમને નાટકને માટે તૈયાર કર્યા તે બાબત એમનો નાટક કરવાનો ઉત્સાહ બતાવતો હતો અને અંતે એ નાટકનાં રિહર્સલ શરૂ થયાં.

ફિલ્મ પરનું આ નાટક મુંબઈમાં આ પહેલાં કાંતિ મડિયાએ ‘આંખની અટારી સાવ સૂની’ના નામે ભજવેલું હતું અને મુંબઈમાં તે સફળ પણ રહ્યું હતું. અમદાવાદમાં પણ કોઈએ ‘અંધારા અજવાળા જોયા’ શીર્ષકથી ભજવેલું. જામનગરમાં તે ‘બંધ બારણે અંધ ટકોરા’ એ શીર્ષકથી ભજવાયું. આ નાટકનું રિહર્સલ શરૂ કરતી વેળાએ નાટકના પાર્શ્વસંગીતને માટે એમને હું યાદ આવ્યો. કારણ કે ભરતભાઈને ખબર હતી કે પાશ્ચાત્ય સંગીતની અનેક રેકૉર્ડ્સનો મારી પાસે ઉત્તમ સંગ્રહ હતો અને હું તે સાંભળ્યે રાખતો હતો. એમણે તરત જ મારો સંપર્ક કરીને નાટકના કાર્યની સાથે જોડાવાનો આગ્રહ કર્યો.

મને અંગત રીતે નાટકો જોવાનો બહુ શોખ હતો. એ સમયે વેણીભાઈ પુરોહિત 'જન્મભૂમિ'માં અને જીતુભાઈ પ્ર. મહેતા 'મુંબઈ સમાચાર'માં નાટકોનાં અવલોકનો લખતા. તે વાંચવાં ગમતાં. અવારનવાર મુંબઈ જતો ત્યારે ખાસ નાટકો જોવાનો આગ્રહ રાખતો. તે સમયે ઘણાં નાટકો જોયાં હતાં, પણ કોઈ નાટક સાથે સક્રિય રીતે જોડાવાનું આ રીતે ભરતભાઈને કારણે બન્યું. અમે - હું અને ભરતભાઈ - સાથે બેસીને નાટકની સ્ક્રિપ્ટ વાંચતા અને ક્યાં કેમ સંગીતનો ઉપયોગ કરવો તેની ચર્ચા કરતા અને એ મુજબ હું એમને રેકૉર્ડ સંભળાવતો. તેમાંથી કેટલાક પીસ પસંદ કરીને 'બંધ બારણે અંધ ટકોરા'નું પાર્શ્વસંગીત તૈયાર કરેલું. પણ ભરતભાઈ નાટકનું થોડુંક રિહર્સલ કરાવીને, સેટ ડિઝાઈન કરીને એમનું કૉલેજનું વૅકેશન પૂર્ણ થતાં ફરી દિલ્હી જતા રહ્યા અને પાછળથી કેટલીક જવાબદારી મારી ઉપર છોડી દીધી હતી. એ નાટક ભજવાયું પણ એમાં ખાસ કોઈ ભલીવાર ન હતો. આ નાટક ભજવાયા બાદ કેટલાક વખત પછી મને મૂળ ફિલ્મ 'વેઇટ અન્ટિલ ડાર્ક' જોવા મળી હતી. મને એ ફિલ્મ તે સમયે ગમેલી, તેનાં અનેક કારણો હતાં. ફિલ્મ જોયા બાદ ભરતભાઈને એક પત્ર પણ લખેલો એવું યાદ છે.

એ સમયે જ ઇન્દિરા ગાંધીએ કટોકટી(ઇમર્જન્સી) જાહેર કરેલી. શરૂઆતના કેટલાક દિવસોમાં આ કટોકટીના વિરોધમાં ભરતભાઈ શર્ટ પર એક કાળી રિબન પણ બાંધતા. આ રિબન જોઈને કોઈ પૂછતું ત્યારે કટોકટીના વિરોધની વાત કરતા. દિલ્હીથી આવતા ત્યારે એમની સ્કૂલની પ્રવૃત્તિઓની અને મિત્રોની વાતો કરતા. એમણે દોરેલા સેટની ડિઝાઈન્સ બતાવતા. આવી બધી વાતો ચાલ્યા કરતી.

નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાના અભ્યાસ બાદ ભરતભાઈ અમદાવાદમાં સ્થાયી થયા. દિલ્હી હતા ત્યારે પત્રો લખતા. પછી અમદાવાદમાં આવ્યા બાદ એમણે 'સપ્તસિંધુ' નામની નાટ્યસંસ્થા કરેલી અને તેમની નાટ્યપ્રવૃત્તિઓની વિગતો આપતી એક સાઈક્લોસ્ટાઇલ પત્રિકા 'સપ્તસિંધુ' પણ થોડો સમય પ્રગટ કરેલી. આ બધું નિયમિત મોકલતા રહેતા. ખાસ તો એમની નાટ્યપ્રવૃત્તિઓની ખાસ જાણકારી આપતા. ઇસરોમાં જ્યારે કામ કરતા હતા ત્યારે એકબે વખત એમને એમની ઇસરોની ઑફિસમાં પણ મળવાનું થયેલું. મારા પુત્રને એક વખત એમને ત્યાં થતું શૂટિંગ જોવા પણ લઈ ગયો હતો. આ બધામાં એમનો સદ્‌ભાવ રહેતો. એમના પાલડીના ઘરમાં પણ એક રાતનો મહેમાન થયો હતો. મારા પુત્ર ઉર્વિનને એના પત્રકારત્વના અભ્યાસ દરમિયાન ટેલિવિઝન નિર્માણ અંગે અનેક માહિતીઓ આપેલી.

એમણે દર્શકની કૃતિઓનાં નાટકો ભજવ્યાં તેની વીડિયો ફિલ્મ પણ બનાવી હતી. અને પછી તેની કૅસેટ મોકલી હતી જે અમે કેટલાક મિત્રોએ ભેગા થઈને સાથે જોઈ હતી. એ નાટકોની એમની તૈયારીઓની, રિહર્સલની વાતો પણ કરી હતી. મારા યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના પુસ્તકના પરામર્શક તેઓ હતા એ નિમિત્તે ખાસ્સી વાતો થતી અને એમણે એ અંગે કેટલાંક સૂચનો પણ કરેલાં. એમના જીવનને રજૂ કરતું પુસ્તક 'મારી રંગયાત્રા'ના લોકાર્પણ પ્રસંગે ખાસ હાજર રહેવાનો એમનો આગ્રહ હતો અને હાજર પણ રહ્યો હતો.

ભરતભાઈએ શ્રીકાંત શાહનાં નાટકો કર્યાં હતાં. શ્રીકાંત શાહની અને ભરતભાઈની એવી ઇચ્છા હતી કે એ નાટકો જામનગરમાં ભજવાય, કારણ કે બંને એક સમયના જામનગરના રહેવાસીઓ હતા. અમે એ માટે ભરતભાઈની ટીમને આમંત્રેલ અને સાથે શ્રીકાંત શાહ પણ આવેલા. છેલ્લાં વર્ષોમાં ભરતભાઈને જામનગર આવવાનું બહુ ઓછું થતું. પણ મારી અમદાવાદની પ્રત્યેક મુલાકાત વખતે એમને હું અચૂક મળતો.

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં ભરત દવેએ રંગભૂમિ પર જે પ્રદાન કર્યું છે તેની ઇતિહાસ ખાસ નોંધ લેશે. એમણે ન ફક્ત ગુજરાતી નાટકો ભજવ્યાં, પણ વિદેશી નાટકોનો પણ ગુજરાતને એટલો જ પરિચય કરાવ્યો છે.

---

**(૧૮મા પાનાનું ચાલુ)**

ડારિયો એમોડેઈએ જ્યારે આ ચેતવણી આપી ત્યારે ઈરાનનું યુદ્ધ શરૂ થયું ન હતું. એ પછી જ્યારે અમેરિકાએ આક્રમણ કરીને ઈરાનમાં ભારે તબાહી શરૂ કરી, ત્યારે અમેરિકાની એઆઈ કંપનીઓમાં ફફડાટ ફેલાઈ ગયો. અમેરિકાની એઆઈ કંપનીઓએ રાતોરાત રાસાયણિક હથિયારોના નિષ્ણાતોને નોકરીએ રાખવાનું શરૂ કર્યું. એઆઈ કંપનીઓને અચાનક સમજાયું કે એવા કયા પ્રૉમ્પ્ટ આપે તો એઆઈ એજન્ટ રાસાયણિક હથિયારોની વિગતો આપી શકે એ સમજવું આવશ્યક છે. એના માટે તેમની પાસે રાસાયણિક હથિયારો માટે શું શું જરૂરી છે એની માહિતી હોવી જોઈએ.

રાસાયણિક હથિયારો માટે કયાં રસાયણો જરૂરી છે એની જાણકારી તો એના નિષ્ણાતો જ આપી શકે. એટલે આ કંપનીઓએ રાસાયણિક હથિયારોના પ્રૉમ્પ્ટને નિયંત્રિત કરવા માટે એઆઈ નિષ્ણાતની મદદ લેવાનું શરૂ કર્યું. એમાં ઍન્થ્રૉપિક ઉપરાંત ચૅટજીપીટી, ગૂગલ, મેટા જેવી કંપનીઓનો સમાવેશ થતો હતો. આ કંપનીઓએ તેમની વેબસાઇટમાં કારકિર્દીના વિભાગમાં આવા નિષ્ણાતોને નોકરીએ રાખવાની જાહેરાતો મૂકી. તે એટલે સુધી કે પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય એવા નિષ્ણાતો માટે કંપનીઓએ કરોડોનો પગાર ઑફર કર્યો. જોકે, તેની સામેય વિરોધ ઊઠ્યો. ઘણા ટેક્નૉલૉજી નિષ્ણાતોએ વળી નવી ચેતવણી આપી : 'ધ્યાન રાખજો! આવું કરવાથી એઆઈ પાસે નહીં હોય તો રાસાયણિક હથિયારોની વિગતો પહોંચી જશે. રાસાયણિક હથિયારોનો ઉપયોગ શું કામ ન કરવો જોઈએ એવું પણ એઆઈને શીખવવું સલાહભર્યું નથી.'

દુનિયામાં અશાંતિ વધી છે. યુદ્ધો અને આક્રમણો વધ્યાં છે ત્યારે રાસાયણિક હથિયારોની ભીતિ પણ વધી છે. કલ્પના કરો કે જો એઆઈ રાસાયણિક હથિયારો બનાવવામાં મદદ કરવા માંડે તો એનો કેવો દુરુપયોગ થઈ શકે? ઘણા એઆઈ નિષ્ણાત ભલામણ કરવા લાગ્યા છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે એઆઈથી કેમિકલ શસ્ત્રો ન બનાવવાના કરારો થવા જોઈએ, પણ સવાલ એ છે કે ભલભલી સંધિઓને માનવજાત અને રાજકારણીઓ ગાંઠતા નથી, ત્યારે આવી સંધિ નહીં તોડે, એની પણ શી ખાતરી?

સ્થાપત્ય

# હૉંગકૉંગનું સમુદાયકેન્દ્ર

હેમંત વાળા

આ એક કૉમ્યુનિટી માટેનું સ્થાન - સમુદાયકેન્દ્ર - છે. જ્યારે પણ કોઈ સમુદાયકેન્દ્રની રચના નિર્ધારિત કરવામાં આવે, ત્યારે સામાન્ય રીતે એવી અપેક્ષા હોય કે તેમાં હળવાશ હોય, હૂંફની અનુભૂતિ હોય, પરંપરાગત રીતે સ્વીકૃત પરિસ્થિતિ હોય, સામાજિક માળખાને અનુરૂપ સ્થાન-નિર્ધારણ હોય, ક્યાંક ગોપનીયતા તો ક્યાંક ખુલ્લાપણું હોય અને તે બધાં સાથે એક પ્રકારની સરળતા અને સુસંગતતા હોય, પણ અહીં આમાનું કશું જ નથી. માત્ર ૧૦૦ ચોરસ મીટર જેટલા વિસ્તારની, સ્થપતિ ‘સુ ચાંગ ડિઝાઈન રિસર્ચ ઑફિસ’ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રચના સ્થાપિત માન્યતા સાથે ઘણો વિરોધાભાસ ઊભો કરે છે. આ સમુદાયકેન્દ્રને તાજેતરમાં જ ખુલ્લું મુકાયું છે. નવીનતાને કારણે હાલમાં તો સ્થાનિક સમાજમાં તેની સ્વીકૃતિ છે, પરંતુ લાંબે ગાળે તેનાં પ્રત્યે કેવો પ્રતિભાવ અપાશે તે વિશે પ્રશ્ન રહે તેમ છે. આ રચનાની સ્વીકૃતિની માત્રા ભવિષ્યમાં જ જાણી શકાશે. સમજવાની વાત એ છે કે શહેરી વિસ્તારમાં, અને તેમાં પણ શહેરના અન્ય વિસ્તારની સરખામણીમાં જ્યાં લગભગ છ ગણી ગીચતા છે ત્યાં, જે પ્રકારની હળવાશની આવશ્યકતા હોય તે અહીં જોવા નથી મળતી.

આજુબાજુની પરિસ્થિતિ વચ્ચે અચંબો પમાડે તેવી સાવ જ આગંતુક જણાતી આ રચના છે. એક દાવા પ્રમાણે આ રચના લોકોને ‘ક્ષણિક મનોરંજન’ આપી શકે, પરંતુ આ મનોરંજન ક્યાંક મગજ પર ભાર લાદી દે તેવું છે. એમ કહેવામાં આવે છે કે આ રચનાથી શહેરી જીવનને એક નવો અનુભવ મળશે, પરંતુ આ અનુભવની યથાર્થતા ચકાસવી જરૂરી છે. શહેરનો આ વિસ્તાર વિવિધ પ્રકારની માલિકી હેઠળ આવતો હતો, તેથી કદાચ અહીં દરેકની ભાવનાને ન્યાય આપવાનું મહત્ત્વ રહેલું હશે, પણ આ રચના દ્વારા મળતો ન્યાય યોગ્ય છે કે નહીં તે પ્રશ્ન જાણે પુછાયો નથી. અહીં મુખ્યત્વે વાંસ અને લાકડામાંથી બનાવાતી સામૂહિક જાહેર છત્રીની જે કલ્પના છે, તે એક રીતનું હંગામીપણું સ્થાપિત કરે છે. સામાજિક સમુદાયકેન્દ્રમાં આવું હંગામીપણું ઇચ્છનીય ન ગણાય. આબોહવા પ્રત્યેની અનુકૂળતા માટે પણ અહીં જે દાવો કરાય છે તે સહજતાથી સ્વીકારી શકાય તેવો નથી. ક્યારેક તો એમ પણ લાગી શકે કે અહીં વપરાયેલી દરેક સામગ્રીને - તે પણ વધારે માત્રામાં વપરાયેલી - જાણે ‘પ્રાથમિક સમજ’થી જ ખડકી દેવાઈ છે. આવી બહુવિધ માલિકી ધરાવતી જગ્યામાં ઉચ્ચ-ગુણવત્તાવાળું સમુદાયકેન્દ્ર કેવી રીતે બનાવવું તે એક મુખ્ય પડકાર હતો. આ પડકાર ઝીલવામાં સ્થપતિ ક્યાંક વધુ પડતો ઉત્સાહી થઈ ગયો હોય તેમ જણાય છે.

સકારાત્મકતાથી વિચારીએ તો ગૅલ્વેનાઇઝ લોખંડ તેમજ લેમિનેટેડ વાંસનો અનોખો ઉપયોગ, કંઈક અંશે સમુદ્રી જહાજના કોઈ ભાગ જેવો દેખાવ, આકારમાં પ્રતીત થતી



એક પ્રકારની. તરંગમય ગતિશીલતા, વિશેષ પ્રકારની દશ્ય-અનુભૂતિની ઉત્તેજના સ્થાપિત કરી શકે તેવી કલ્પના, શહેરના ગીચ ઘનતાવાળા વિસ્તારમાં આશ્ચર્ય ઉત્પન્ન કરવાનો પ્રયાસ, શહેરના જે તે વિસ્તારના કેન્દ્રમાં 'અનોખું કેન્દ્ર' સ્થાપિત કરવાનો પ્રયત્ન, માળખાકીય બંધારણમાં એક પ્રકારની સ્પષ્ટતા, સ્થાનના ચોક્કસ વિભાગ પ્રત્યેની વિશેષ પ્રકારની સન્મુખતા, માહિતી તેમજ ચોક્કસ પ્રકારની સમજણ માટે 'પ્લેટ'નો સર્જનાત્મક ઉપયોગ, જૂની અને નવી તકનીક વચ્ચેનું રસપ્રદ સમન્વય, છત અને દીવાલ વચ્ચેના ભેદનો અભાવ, વળાંકાકારનો માળખાકીય ઉપયોગ, લાકડાં અને ધાતુ વચ્ચેનું રસપ્રદ સમીકરણ તથા સમગ્ર રચનાની ઉપયોગિતામાં સંભવિત ઇચ્છનીય વિવિધતા જેવી વાતોની ચર્ચા કરી શકાય.

આ સમગ્ર રચનાનો પ્લાન પાંચ પાંદડાંના ખંડિત ફૂલ સમાન છે. અહીં લગભગ ત્રિકોણ કહી શકાય તેવા પાંચ ભાગ એક કેન્દ્રમાં જોડાય છે. એમ પ્રતીતિ થઈ શકે કે આમાં ત્રણ પાંદડાં ખૂટે છે. આ ત્રણ પાંદડાંવાળો, ખાલી રખાયેલો ભાગ સામેની જગ્યામાં ખૂલે છે. અહીંથી આ રચના આગળના વિસ્તારમાં પ્રસરે છે. અહીં સામે ઔપચારિક અને અનૌપચારિકના સમન્વય સમી બેઠકવ્યવસ્થા છે. અહીં મોટા માપના લાકડાની માળખાકીય રચના પર વાંસ, લાકડાં તથા ગૅલ્વેનાઇઝ લોખંડની પ્લેટ જડી દઈને દીવાલો અને છત ઊભી કરાઈ છે. રસપ્રદ રીતે અહીં દીવાલો જ ઉપર જતા વળાંક લઈને છત બની જાય છે. અહીં બારીબારણાં કશું જ નથી અને તેથી ચારેય દિશામાંથી અહીં પ્રવેશ શક્ય બને છે.

એક રીતે જોતાં આ રચનાને સ્થાન કે આબોહવા સાથે કોઈ સંદર્ભ નથી, તે ગમે ત્યાં હોઈ શકે. તેની સાથે ચોક્કસ પ્રકારની ઉપયોગિતા પણ સંકળાયેલી નથી, તેનો ઉપયોગ કોઈ પણ પ્રકારે કરી શકાય. તેનાં આકાર સાથે 'ચૈત્ય'નો ખ્યાલ વણાયેલો હોઈ શકે, પરંતુ તે ધાર્મિક આકારની અહીં સાંદર્ભિકતા ચકાસવી પડે. આ રચનાનું પ્રમાણમાપ પણ 'સંસ્થાકીય' નથી અને તેથી સમુદાયકેન્દ્રની ધારણા ક્યાંક નબળી પડે છે. એમ જણાય છે કે આ મકાન, મકાન ઓછું અને 'શોપીસ' વધારે છે. એમ પણ જણાય છે કે સ્થપતિએ 'આમ જ કરવું' તેમ નક્કી કરી દીધું હશે અને પછી તે પ્રમાણે રચના નિર્ધારિત થઈ. સમજવાની વાત એ છે કે સ્થાપત્ય એ કંઈ બહારથી લાદી દેવામાં આવેલી ઘટના ન હોઈ શકે. અહીં એ રીતની ક્યાંક પ્રતીતિ થાય છે.

સાંપ્રત

# ખેડૂતો અને ઍગ્રો ઇન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો

**નાનક ભટ્ટ**

અમરેલી જિલ્લાના ખેડૂત ખાતેદાર ઘનશ્યામ પટેલે ગુજરાત રાજ્યના કૃષિમંત્રીને પત્ર લખી પોતાની દસ વીઘા જમીન ઉપર ગાંજાની ખેતી કરવા મંજૂરી માંગી છે. ખેડૂત-પુત્રએ ખેતપેદાશના ઘટતા ભાવ સામે આક્રોશ ઠાલવતાં સરકારને લખ્યું છે, ‘સાહેબ, વર્ષ ૨૦૧૬-૧૭માં કપાસ રૂ. ૨૦૦૦ આસપાસ હતો તેનો ભાવ ઘટીને રૂ. ૧૪૦૦ થયો છે. એક થેલી ડી.એ.પી. ખાતરના રૂ. ૬૫૦/-થી વધી રૂ. ૧૫૦૦/- થયા છે. કૂવામાં પાણી છે, પરંતુ એક લિટર ડીઝલનો ભાવ રૂ. ૧૦૦ એ પહોંચ્યો છે. ફરિયાદી ખેડૂત લખે છે કે ખેતમજૂરોને ચા-બીડી, બપોરે શાક અને છાશ ઉપરાંત રૂ. ૫૦૦/- મજૂરી આપતાંયે દાડિયા મળતા નથી. શાક રોટલા જોગ ખેતીમાં હવે બે પાંદડે થવાય તેમ નથી. આથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં ગામડાંઓના ૩૮ % યુવકો દક્ષિણ ગુજરાતમાં હીરાઉદ્યોગમાં સ્થળાંતર થયા છે. પરિણામે દરિયાકાંઠાનાં ગામડાંઓમાં હવે ક્ષારયુક્ત પાણી અને વૃદ્ધ, અપંગો બચ્યાનો વાસ્તવિક ચિતાર છે.

જગતના તાતનું બિરુદ મેળવનાર હવે કરુણતાના દલ-દલમાં ફસાયો છે. પાક-નિષ્ફળતા અને દેવાની સ્થિતિમાં વર્ષ ૨૦૨૩માં ૪૧૫૧ ખેડૂતોએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવવાનો રસ્તો લેવો પડ્યો છે ત્યારે કૃષિક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવી જમીન આધારિત કૃષકોએ પોતાની ૫૦૦૦ વર્ષ જૂની કાર્યપ્રણાલીમાં ધરમૂળથી પરિવર્તન લાવવું પડશે, તેમ રાજ્ય સરકારે પણ લાંબા ગાળાનાં હિતને લક્ષમાં રાખી હિંમતભેર નિર્ણયો લેવા જ પડશે.

ભારત વિશ્વનું ત્રીજું અર્થતંત્ર બનવા માગે છે ત્યારે બૅન્કોનાં બૅલેન્સશીટ સાથે દેશની ૧૦ ટ્રિલિયન ઇકૉનૉમી સામે ખેડૂતોએ પણ રૂ. ૪૫૦ અબજના યોગદાન સાથે ૧૫ % વિકાસ સાધવો અનિવાર્ય બને છે. કૃષિઉત્પાદનમાં નીતિગત સુધારા વિષયે તાજેતરની આઈ.સી.એ.આર.ની બેઠકમાં દેશના કૃષિ વૈજ્ઞાનિકો, ફૂડ વૅલ્યૂ એડિશન સાથે સંબંધિત મૂડીરોકાણકારો, જૈવિક વિજ્ઞાનના સંશોધકોએ પોતાના અહેવાલમાં ભારત સરકારને આગ્રહભરી વિનંતી કરી છે કે કૃષિક્ષેત્રને રાજકીય પ્રભાવોથી ઉપર લાવીએ. દેશના જી.ડી.પી.માં ખેતીનો સહયોગ ૪૨.૪ % સુધી પહોંચાડીએ, જે આશાસ્પદ અનિવાર્યતા બને છે.

પરંતુ ભારતના કુલ વર્ક ફોર્સમાં ૪૬ % લાભ મેળવનાર કૃષિની સ્થિતિ એવી છે કે એકલા ગુજરાતનાં ગામડાંઓમાં પરિવારદીઠ રૂ. ૧.૪૧ લાખનું દેવું છે. ૨૮ % ગ્રામજનોએ લોન લઈને ઘર-પરિવાર ચલાવવું પડે છે, નૅશનલ બૅંક ઑફ ઍગ્રિકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બોર્ડના અહેવાલ અનુસાર ગુજરાતી ખેડૂતપરિવાર પાસે સરેરાશ

૧.૧ હેક્ટર ખેતી લાયક જમીન છે; એટલું જ નહિ, પણ ૩૪ % ખેડૂતો આજે દેવામાં ડૂબેલા છે. આથી જ તે અનાયાસ પ્રાકૃતિક આફતો સામે પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને વાવેતર જેટલું વળતર ચૂકવવાનું રાજકીય દબાણ વધતું જાય છે. પ્રામાણિક માણસના ટૅક્સમાંથી પ્રતિવર્ષ સરેરાશ રૂ. ૭૨થી ૮૦ હજાર કરોડનાં ખેડૂતદેવાં માફ કરવાના રાજકીય કલ્યાણના નિર્ણયો લેવા પડે છે જેને હવે અર્થશાસ્ત્રની રીતે પણ મૂલવવા પડે તેવો સમય પાકી ગયો છે. આઝાદીના આઠ દાયકા પછી પણ ભારતનું ગામડું ગરીબ છે તેવા ભ્રમમાંથી હવે રાષ્ટ્રજીવનને બહાર કાઢવા બદલાવ અનિવાર્ય બને છે.

કારણ, ભારતમાં લકઝરી બ્રાન્ડની ચીજવસ્તુઓનું બજાર ૧.૫ લાખ કરોડે પહોંચ્યું છે. જે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭.૫ લાખ કરોડે પહોંચવા ધારણા છે. ગામડાંઓ સહિત દેશનું લગ્નબજાર ૧૧.૪ લાખ કરોડનું છે. વૈશ્વિક યુદ્ધો અને રશિયા-ચીન ઉપરના પ્રતિબંધો વચ્ચે ભારત ચમકતો સિતારો બન્યું છે. ત્યારે કોટક મહેન્દ્રના ચીફ માર્કેટ ઑફિસર રોહિત ભસીનના મતે હવે ગામડું દેશના વિકસિત માર્કેટ માટે આશાનો સંચાર થઈ ઊભરી રહ્યું છે. વર્ષ ૨૦૨૩ની વિગતો જોતાં ભારતનાં ગામડાંઓમાં રહેલ ધનિકની સંખ્યા ૨૩ % એ પહોંચી છે જે એક નવી સમજ વિકસાવવા નીતિ આયોગને મજબૂર કરી રહી છે.

એક અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૫-૩૦ દરમિયાન દેશમાં વીજળીની માંગ ૮૧૭ ટ્રિલિયન વૉટ અવર્સ સુધી પહોંચવા ધારણા છે. અમેરિકા અને યુરોપના દેશો કરતાં પણ ભારતમાં ડેટા વપરાશ પાંચ ગણો હોઈ આજે માઈક્રોસૉફ્ટ, એમેઝોન તથા ગૂગલ જેવી વૈશ્વિક કંપનીઓએ ભારતમાં જંગી રોકાણની ઇચ્છા વ્યક્ત કરી છે, પરંતુ સુખદ આશ્ચર્ય એ છે કે વિકાસ માટેના રોકાણ અને વપરાશમાં ભારતના ગ્રામક્ષેત્રનો હિસ્સો ૨૭.૩ % છે. આ સ્થિતિ દર્શાવે છે કે ભારતનું ગામડું આમ ધારણાઓ અનુસાર ગરીબ નથી. ગામડામાં વ્યાપ્ત પ્રાકૃતિક સ્રોત ખામીયુક્ત નથી કે જેન ઝી પેઢીની મહેચ્છાઓ અને શૈક્ષણિક સ્તરમાં ઊણપ નથી, ત્યારે જરૂર છે ખેતીના સ્વરૂપમાં ધરમૂળથી સુધારણાની. ગુજરાતનાં ગામડાંઓમાં વધતા જતા પ્રોસેસ ફૂડ અને કોલ્ડડ્રિંક્સ-આઈસક્રીમના વપરાશના આંકડા દર્શાવે છે કે દેશને અંતરિયાળ ભાગોમાં નિવાસ કરતા અને શહેરી માળખાથી દૂર રહેતા લોકોને ગ્રામીણ ગણવા તે સામાજિક ભૂલ છે.

લોકશાહીમાં રાજકારણ નાગરિકોના કલ્યાણ મત આધારિત છે, પરંતુ લોકશાહીનું અર્થકારણ જમીની સ્થિતિથી નિર્ધારિત બને છે ત્યારે દેશના ખેડૂત અને ગામડાંઓને પછાત ગણવાની માનસિકતા બદલીએ. ઉપાયે ઉપલબ્ધ જમીનને સાધન તરીકે અને ખેડૂતને ઍગ્રો ઇન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો આપવા દેશની કૃષિ યુનિવર્સિટી અને વિજ્ઞાન કેન્દ્રો આગળ આવે. વિશ્વના અન્ય દેશોની માફક ખેતી વ્યવસાયને તમામ નાગરિકો માટે ખોલીએ.

**(અનુસંધાન ૩૪મા પાને)**

નવું પ્રકાશન

# કોશયાત્રામાં એક નવો કોશ હવે પ્રકાશિત થશે 'સંતકોશ'

ગુજરાત વિશ્વકોશ સાથે સંતોનું વિશિષ્ટ જોડાણ છેક તેના પ્રારંભકાળથી જ રહ્યું છે. ગિરા ગુર્જરીમાં જ્ઞાનકોશ હોવો જોઈએ તેવું વિચારબીજ જ એક સંત - પૂજ્ય શ્રીમોટાએ - રોપ્યું હતું. એ પછી વિશ્વકોશના ભૂમિકાખંડ અને પ્રથમ ખંડના વિમોચન પ્રસંગે ઉપસ્થિત રહીને સંતોએ જ્ઞાનયજ્ઞની આહલેક જગાવી હતી. સંતો માત્ર ધાર્મિક કાર્યોની ધુરા નથી સંભાળતા, બલકે તેઓ સમાજનું દરેક પથ પર માર્ગદર્શન કરે છે. તેથી વિશ્વકોશે ગુજરાતની ધન્ય ધરા પર થઈ ગયેલા સંતોનાં જીવન-કવન વિશે પરિચય આપતો વિસ્તૃત અને પ્રમાણભૂત કોશ તૈયાર કર્યો. આ સંતકોશમાં ગુજરાતમાં પ્રચલિત અને પ્રવર્તિત વિવિધ ધર્મ-સંપ્રદાયોના ૫૨૫ જેટલા સંતો - ભક્તોનો પરિચય રજૂ કરવામાં આવ્યો છે. કોશ તૈયાર કરવામાં આ વિષયક્ષેત્રના ૧૧ જેટલા અગ્રણી અભ્યાસીઓનું પરામર્શન લેવામાં આવ્યું છે. જાણીતા સાહિત્યકાર શ્રી દલપતભાઈ પઢિયારે સંતકોશના મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી સંભાળી છે અને ૪૨થી વધુ તજ્જ્ઞોએ સંતકોશનાં અધિકરણો લખ્યાં છે. મધ્યકાલીન ભક્તિઆંદોલન - ઈ. સ. ૧૧મી સદીથી લઈને ૧૯મી સદી - દરમિયાન થઈ ગયેલા સંતોનો સમાવેશ આ કોશમાં કરવામાં આવ્યો છે.

સામાન્ય રીતે જાણીતા ક્ષેત્રના લોકોની માહિતી વર્તમાન સમયે પુસ્તકો ઉપરાંત ઈન્ટરનેટ પરથી પણ સરળતાથી મળી રહે છે, પરંતુ આ સંતકોશમાં એવા અનેક અજાણ્યા કર્મયોગી સંતોનો પરિચય છે, જેમના વિશે વ્યાપક રીતે ભાગ્યે જ આજે જાણવા-સાંભળવા કે વાંચવા મળે છે. એ રીતે જોઈએ તો ગુજરાત વિશ્વકોશ દ્વારા પ્રકાશિત સંતકોશ એ ખરા અર્થમાં અમૂલ્ય ગ્રંથ છે.

આ સંતકોશની વિશિષ્ટતા એ છે કે તેમાં ગ્રામીણ ક્ષેત્રો તથા જૂની દેહાણ જગ્યાઓના ઓછા જાણીતા સંતોને પણ સમાવવામાં આવ્યા છે અને જેઓ ભલે ગુજરાતની ભૂમિ પર જન્મ્યા નથી, પરંતુ ગુર્જરી ભૂમિને જેમણે પોતીકી માનીને તેને કર્મભૂમિ બનાવીને સંતકાર્ય કર્યું છે, તેવા ગુજરાત સિવાયના સંતોને પણ આમાં સ્થાન આપવામાં આવ્યું છે.

સંતકોશનું પ્રકાશન ખરા અર્થમાં એક પડકારજન્ય કાર્ય છે અને આ કાર્ય પાર પાડીને ગુજરાત વિશ્વકોશે ગુજરાતી પ્રજાના પથદર્શક, જ્ઞાનદાતા અને સંસ્કારદાતા રહેલા અનેક સંતોના જીવનને આવનારી પેઢી સામે ઉજાગર કર્યું છે. થોડા જ સમયમાં એનું પ્રકાશન થશે.

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

**◈ ૨૩ મે, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

ધર્મવીર ભારતીની લઘુનવલ પરથી શ્યામ બેનેગલદિગ્દર્શિત ફિલ્મ 'સૂરજ કા સાતવા ઘોડા' (૨ કલાક ૧૦ મિનિટ)

સમીક્ષા : શ્રી અભિજિત વ્યાસ

## ઓનલાઇન

**◈ ૩૦ મે, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : ૧૯મી અને ૨૦મી સદીમાં લખાયેલી બે સ્ત્રીઓની આત્મકથા

વક્તા : શ્રી મીનળ દવે

## રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

## પોડકાસ્ટ

**◈ ૧૫ મે, ૨૦૨૬, શુક્રવાર : સાંજના ૫-૦૦**

'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સાહિત્યસર્જન' વિશે દીપક મહેતા અને ખેવના દેસાઈ સાથે દીપ્તિ જોષીનો સંવાદ.

## ઓફલાઇન

## શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

**◈ ૬ જૂન, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાતી સાહિત્યની અમર - પ્રશિષ્ટ કૃતિઓ 'સરસ્વતીચંદ્ર' અને 'ભદ્રંભદ્ર'ની સવા શતાબ્દી ઉજવણી.

ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્યના ઉંબરે લઈ જનાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ને વર્ષ ૨૦૨૬માં સવા સો વર્ષ થયાં. ગુજરાતી ભાષાની પ્રથમ હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્ર'નાં સવાસો વર્ષ ચાર મહિના પહેલાં જ પૂરા થયાં. ગુજરાતી અને ગુજરાતીઓના ગૌરવ સમી આ નવલકથાઓની સવા શતાબ્દીની ઉજવણી માટે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નાટક, ગાયન અને ગોષ્ઠિ જેવા પ્રયોગો રજૂ થશે.

૧. એકાંકી - 'તમે તલવાર મ્યાન કરી'

(કુમુદસુંદરી અને અના કેરેનિનાનો તેમના લેખક સામે ખટલો)

લેખક : હસિત મહેતા, દિગ્દર્શક : નિસર્ગ ત્રિવેદી, કમલ જોશી

૨. ગાયન - 'સરસ્વતીચંદ્ર'નાં ગીતો : સંગીત - સુરેશ જોશી, મુંબઈ

૩. ગોષ્ઠિ - પ્રશિષ્ટ નવલકથાઓ સરસ્વતીચંદ્ર અને ભદ્રંભદ્ર

સંવાદ : ઉર્વીશ કોઠારી, સંવાદકર્તા : બિરેન કોઠારી

કાર્યક્રમ-પ્રસ્તુતિ : ગોવર્ધનરામ સ્મૃતિમંદિર, અ. સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય, સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ અને નડિયાદના નાટ્યકર્મીઓ

## સુરીલી વંદના

**◈ ૧૬ મે, ૨૦૨૬, શનિવાર : સાંજના ૬-૦૦ થી ૮-૦૦**

રાસબિહારી દેસાઈપ્રેરિત શ્રોતાવૃંદ સંગીતિ અંતર્ગત સુખ્યાત કલાકારોના કંઠે ગુજરાતી ગીતોની પ્રસ્તુતિ સાથે ગુજરાતના ગૌરવ સમા સંગીતકાર શ્રી ગૌરાંગ વ્યાસની ઉપસ્થિતિમાં એમની સુરીલી વંદનાનો એક સુંદર કાર્યક્રમ. આપ સહુને સ્નેહભર્યું આમંત્રણ.

---

**(૩૧મા પાનાનું ચાલુ)**

આંધ્રપ્રદેશનાં ગુંટુર જિલ્લાના ખેડૂત રોસૈયાએ પાંચ સ્તરીય ખેતી(વર્ટિકલ ઍગ્રિકલ્ચર)નું મૉડલ આપી એક એકરથી ઓછી જમીનમાં બાવન પ્રકારના પાક લઈ એક જમીન ઉપર પાંચ ગણી આવક મેળવી છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુથી પુરસ્કાર મેળવ્યો છે.


રણની રેતીમાં વસેલ ઇઝરાયલે દુનિયામાં ફળ-ફૂલોની ખેતી વિસ્તારી સાબિત કર્યું છે કે કૃષિ માટે જમીનની અનિવાર્યતા નથી. ડીપ ઇરિગેશન, હાઇડ્રોપોનિક્સ પાવર ફોટો સિંથેસિસ અને હવે ગ્રીન હાઉસ ટૅક્નિકથી ઇઝરાયલ મૉડલ દર્શાવે છે કે જૈવિક પ્લાન્ટ્સ માટે જમીન આધારથી કંઈ વધુ ઉપયોગી નથી. કૃષિને જમીન ઉપર પાથરી રાખવાના બદલે બહુમાળીય ઊંચાઈ આપીએ. સી.પી.સી.બી.ના એક ચોંકાવનારા નિવેદનમાં ખુલાસો થયો છે કે દેશમાં વાયુ પ્રદૂષણ સંકટ ૪૪૭ જિલ્લાઓમાં ૬૦ %થી વ્યાપક બન્યું છે ત્યારે કાર્બન ફૂટપ્રિન્ટને વિકસાવતા સ્ટાર્ટઅપમાં જેન ઝીને લાવવાના બદલે કૃષિને ઇન્ડસ્ટ્રીઝનો દરજ્જો આપી ગ્લોબલ વૉર્મિંગ અને પૃથ્વી ઉપરની ૧૪ ઇંચ જમીનના સ્તરને સંરક્ષિત કરીએ.

હજારો વર્ષથી ચાલતા કૃષિ-વ્યવસ્થાપનમાં હરિત ક્રાંતિ પછી ખાતર, દવાઓ, જળસંરક્ષણ, કૃષિ-ઉત્પાદનનાં સંગ્રહ અને વૅલ્યૂ એડિશન ક્ષેત્રમાં કામ થયું છે, પરંતુ દેશની ૧૫.૬ કરોડ હેક્ટર જમીન ઉપરની ફેલાયેલ કૃષિને ઉદ્યોગના આધાર તરીકે વર્ટિકલ ડેવલપમેન્ટ માટે ઉપયોગમાં લઈશું તો કૃષિ માટે જમીનનો ખ્યાલ તૂટી જશે, આઝાદી પછી વિકસેલ શહેરો અને ત્યાં દેખાતું ઉત્પાદન વર્ટિકલ ડેવલપમેન્ટનું સફળ ઉદાહરણ બન્યું છે ત્યારે પ્રકૃતિના આશયે આકાશી ખેતીની હજારો વર્ષની માન્યતા છોડી દઈએ. ગામડું અને ખેડૂતોને ગરીબી સાથે જકડી રાખવાની રાજનીતિ પાછળ મૂકી દઈએ. તો જ દેશને વિશ્વગુરુ બનાવવાની સંકલ્પના જમીન ઉપર ગતિ કરતી જોવા મળશે. ✍




'...ગાઈ શકું બેચાર કડી' કાર્યક્રમ અંતર્ગત અમર ભટ્ટ, હિમાલી વ્યાસ અને પ્રહર વોરા દ્વારા આપણી ભાષાનાં પ્રિય કાવ્યો અને કવિ નિરંજન ભગતનાં કાવ્યોનાં ગાનની પ્રસ્તુતિ







વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે 'મારું પ્રિય પુસ્તક' વિશેના વ્યાખ્યાનમાં

ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ પટેલકૃત 'વળામણાં' વિશે વક્તવ્ય આપતા ભરત મહેતા

મરાઠી સાહિત્યમાં પુ. લ. દેશપાંડેનાં કાલ્પનિક વ્યક્તિ-ચિત્રોના સંચય 'વ્યક્તિ આણી વલ્લી' વિશે વક્તવ્ય આપતા સંજય ભાવે

હિન્દી સાહિત્યમાં બાણભટ્ટની આત્મકથા વિશે વક્તવ્ય આપતાં મૃદુલા પારીખ



'જૂની રંગભૂમિની રોમાંચક દુનિયા' વિશે વક્તવ્ય આપતાં જીના શેઠ



'ઑસ્ટ્રિયા : એક અનુભૂતિ – દશ્યશ્રાવ્ય પ્રસ્તુતિ' વિશે વક્તવ્ય આપતાં ભારતી રાણે

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahmedabad Unaccountable L1 On 5th every month.

## ઑનલાઇન પ્રાપ્ત થશે
## ૩૫૦૦૦ શબ્દો ધરાવતો
## સંસ્કૃત–ગુજરાતી શબ્દકોશ
## સંસ્કૃત ભાષા : ભારતની એકતાનો આત્મા

- દેશનાં બધાં જ રાજ્યોની પ્રાદેશિક ભાષામાં પરિવર્તન થયું છે, પણ સંસ્કૃત ભાષામાં આજ સુધી કોઈ પરિવર્તન થયું નથી.
- વેદની ઋચા કે ગાયત્રી મંત્ર સર્વત્ર સમાન રીતે સાંભળવા મળે છે. આ ભાષામાં ક્યારેય કદી વિકૃતિ આવતી નથી.
- સંસ્કૃત ભાષા એ માત્ર કોઈ એક ધર્મની ભાષા નથી, પરંતુ સાહિત્ય, નાટક, વિજ્ઞાન, આયુર્વેદ, રક્તપરીક્ષા અને અશ્વપરીક્ષા જેવા કેટલાંય વિષયો સંસ્કૃત ભાષામાં મળે છે.
- ભારતની ધાર્મિક અને સામાજિક પ્રથામાં પણ સંસ્કૃતનો મહિમા છે. વિશ્વને ભારતે અધ્યાત્મ આપ્યું છે અને એ અધ્યાત્મની ભાષા સંસ્કૃત ભાષા છે. ગુજરાતી, મરાઠી, હિન્દી જેવી ભાષાઓ પણ સંસ્કૃત ભાષામાંથી ઉત્પન્ન થઈ છે.
- ભાષાજિજ્ઞાસુઓ અને ભાષાપ્રેમીઓ માટે અનેક શબ્દકોશો ધરાવતા ગુજરાતી લૅક્સિકને હવે સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશ પણ ઑનલાઇન મૂક્યો છે. ગુજરાતી લૅક્સિકનની વેબસાઈટ www.gujaratilexicon.com પર તમને ૩૫,૦૦૦થી વધુ શબ્દ ધરાવતો સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશ મળી રહેશે.
- આ શબ્દકોશમાં મૂળ સંસ્કૃત શબ્દ, એનો ગુજરાતી અર્થ અને એના વ્યાકરણનો પ્રકાર જાણવા મળશે. વિશ્વકોશ હવે પછી થોડા સમયમાં જ કચ્છી બોલીનો કોશ પણ ભાષાપ્રેમી ગુજરાતી પ્રજાને ભેટ ધરશે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪